અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ - ૦૧ | અંક : ૮૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દાયકાઓ સુધી ટેક્સની જાળમાં ફસાયેલો હતો દેશ : વડાપ્રધાન

# હવે લોકોનું સપનું થશે સાકાર, રોજિંદી વસ્તુઓ થશે સસ્તી : મોદી

## આ રિફોર્મ ભારતની ગ્રોથ સ્ટોરીને આગળ વધારશે અને રોકાણને સરળ બનાવશે અને દરેક રાજ્યને વિકાસની દોડમાં મદદ મળશે : વડાપ્રધાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રને સંબોધન આપ્યું. તેઓએ ન્યૂ જનરેશન જીએસટી રિફોર્મ પર દેશને સંબોધિત કર્યો. તેઓએ કહ્યું કે, કાલથી દેશમાં જીએસટી બચત ઉત્સવની શરૂઆત થવા જઈ રહી છે. પીએમ મોદીએ દેશવાસીઓને કાલથી શરૂ થનાર નવરાત્રિની શુભકામનાઓ આપ ીને સંબોધનની શરૂઆત કરી. કાલથી દેશભારમાં જીએસટીના નવા દરો લાગૂ થવા જઈ રહ્યાં છે, જેણે વડાપ્રધાને જીએસટી બચત ઉત્સવ ગણાવ્યો.

આ ઉપરાંત તેમણે જીએસટી ૨.૦ને લઈને વિગતાવાર વાત કરી. જેમા તેમણે કહ્યું કે નવા જીએસટી સ્લેબને કારણે દેશના દરેક પ રિવારની ખુશીઓ વધવાની છે. સાથે જ કહ્યું કે આ રિફોર્મ ભારતની ગ્રોથ સ્ટોરીને આગળ વધારશે અને રોકાણને સરળ બનાવશે અને દરેક રાજ્યને વિકાસની દોડમાં મદદ મળશે. પીએમ મોદીએ કહ્યું, ૨૦૧૭માં જ્યારે ભારતે જીએસટી લાવ્યું ત્યારે એક નવો ઈતિહાસ બન્યો હતો. દાયકાઓથી દેશના નાગરીકો અલગ અલગ ટેક્સને લઈને ગૂંચવણમાં હતા. આપણા દેશમાં ઘણા બધા પ્રકારના ટેક્સ એ સમયે હતા. દરેક જગ્યાએ ટેક્સના અલગ અલગ નિયમો હતા. જ્જી લાગુ થવા પહેલા લાખો કંપનીઓ અને દેશના કરોડો લોકોને વિવિધ કરોના જટિલ જાળથી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. એક શહેરથી બીજા શહેરમાં માલ મોકલવાની કિંમતમાં જે વધારો થતો હતો, તેનો બોજ અંતે ગરીબોને ઉઠાવવો પડતો હતો અને આ ખર્ચ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતો હતો. દેશને આ સ્થિતિમાંથી બહાર કાઢવું અત્યંત જરૂરી હતું. તેથી જ્યારે તમે અમને વર્ષ ૨૦૧૪માં સેવા કરવાનો મોકો આપ્યો, ત્યારે અમે જનહિત અને રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને જ્જીને અમારી પ્રાથમિકતા બનાવી. અમે દરેક હિતધારક સાથે સંવાદ કર્યો અને રાજ્યોને પણ આ પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવ્યા. સૌને સાથે રાખીને જ આઝાદ ભારતમાં આટલો વ્યાપક કર સુધારો શક્ય બની શક્યો.

નવા જીએસટી રિફોર્મને લઈને તેમણે કહ્યું રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સસ્તી થવાની છે. જેમા ખાવા પિવાની વસ્તુઓ અને દવાઓ જેવી કેટલીય વસ્તુઓ ટેક્સ ફ્રી થશે ક્યાંતો તેના પર ૫ ટકા ટેક્સ આપવો પડશે. પ ીએમ મોદીએ કહ્યું કે વસ્તુઓ પર પહેલા ૧૨ ટકા ટેક્સ લાગતો હતો તે વસ્તુઓ હવે ૫ ટકાના ટેક્સના દાયરામાં આવી ગઈ છે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં એવું પણ કહ્યું આ વર્ષે સરકારે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા લોકોને ઈન્કમ ટેક્સમાં રાહત આપી હતી. સાથે જ આ જીએસટી રિફોર્મને કારણે પણ દેશના દરેક નાગરીકોને ફાયદો થવાનો છે. પ હેલાની સરખામણીએ વાહનોમાં ખર્ચો થવાનો છે તેને લઈને ઉલ્લેખ કર્યો સાથે જ હરવા ફરવા જતા લોકોને પણ જણાવ્યું કે હોટલ રૂમના જીએસટીને પણ ઓછો કરી દેવામાં આવ્યો છે. જેથી ફરવા જવું પણ હવે સરળ રહેશે. પીએમ મોદીએ કહ્યું, અમારી રોજિંદી જિંદગીમાં ઘણી બધી વિદેશી વસ્તુઓ જોડાઈ ગઈ છે, અમને આમાંથી મુક્તિ મેળવવી પડશે. આપણે તે જ વસ્તુઓ ખરીદવી જોઈએ જે સ્વદેશી છે. જે મેડ ઈન ઈન્ડિયા છે. જેને બનાવવામાં આપણા પોતાના લોકોની મહેનત લાગેલી છે. દરેક દુકાનને સ્વદેશીથી સજાવવી છે. ગર્વથી કહો કે આ સ્વદેશી છે, ગર્વથી કહો કે હું સ્વદેશી છું. આ દરેક ભારતીયનો મિજાજ બનવો જોઈએ. જ્યારે આ થશે, ત્યારે જ ભારત ઝડપ થી વિકસિત બનશે.

### ચૂંટણી પંચે આપ્યો સ્પષ્ટ જવાબ

## શું દેશમાં ચૂંટણી લડવાની લઘુતમ ઉંમર ૨૧ વર્ષ કરાશે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

હાલમાં દેશમાં સંસદીય અને વિધાનસભા ચૂંટણી લડવા માટે લઘુત્તમ ઉંમર ૨૫ વર્ષ છે. તેને ઘટાડીને પંચાયત અને સ્થાનિક ચૂંટણીઓની જેમ ૨૧ વર્ષ કરવા અંગે સંસદની સ્થાયી સમિતિની ભલામણ સાથે ઈલેક્શન કમિશન સહમત નથી. વાસ્તવમાં જ્યારે ચૂંટણી પંચને આ બાબતે સમિતિના ભલામણ વાળી રિપોર્ટ મળી તો તેણે પ્રતિક્રિયા મંતવ્યો સમિતિને મોકલ્યા કે અમે ચૂંટણી લડવાની ઉંમર ઘટાડવાના પક્ષમાં નથી. આનું કારણ એ છે કે, જો ૧૮ વર્ષની ઉંમરે વોટ આપી પણ દીધો તો આ અવસ્થામાં એટલી પરિપ ક્વતા નથી આવતી કે, યુવાનો સંસદ અથવા વિધાનસભા જેવા મહત્વપૂર્ણ પદની જવાબદારીઓને સમજવા અને સંભાળવાની ગંભીરતા હાંસલ કરી લે.

### કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું

## ટેક્સ સુધારાથી માંગ વધશે અને ઉદ્યોગોને નવી તકો મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, "મહેરબાની કરીને એ સુનિશ્ચિત કરો કે ટેક્સ ઘટાડાનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળે. આનાથી ઉદ્યોગ જગતને પણ ફાયદો થશે." તેમણે જણાવ્યું કે સરકારનો ઉદ્દેશ્ય વેપારને સરળ બનાવવાનો અને ઉત્પાદન ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ સેક્ટર)ને મજબૂત કરવાનો છે. પીયૂષ ગોયલે એમ પણ કહ્યું કે, ટેક્સ સુધારાથી માંગ વધશે અને ઉદ્યોગોને નવી તકો મળશે. કેન્દ્ર સરકારે ૨૨ સપ્ટેમ્બરથી નવું GST ફ્રેમવર્ક લાગુ કરવાની જાહેરાત કરી છે. અત્યાર સુધી ચાર ટેક્સ સ્લેબ હતા - ૫%, ૧૨%, ૧૮% અને ૨૮%. પરંતુ સુધારા બાદ હવે માત્ર બે સ્લેબ રહેશે - ૫% અને ૧૮%. આ ઉપરાંત, વૈભવી (લકઝરી) અને સિન પ્રોડક્ટ્સ પર ૪૦% ટેક્સ લાગશે. સરકારનું માનવું છે કે આ ફેરફારથી ટેક્સ સિસ્ટમ સરળ બનશે, વેપારીઓનો બોજ ઘટશે અને ગ્રાહકોને રાહત મળશે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, "મહેરબાની કરીને એ સુનિશ્ચિત કરો કે ટેક્સ ઘટાડાનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળે. આનાથી ઉદ્યોગ જગતને પણ ફાયદો થશે." તેમણે જણાવ્યું કે સરકારનો ઉદ્દેશ્ય વેપારને સરળ બનાવવાનો અને ઉત્પાદન ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ સેક્ટર)ને મજબૂત કરવાનો છે.

### આજથી સસ્તી થઈ જશે આ વસ્તુઓ

## દૂધ, પનીર, તેલ, સાબુથી લઈને ટીવી અને ફ્રીજ સુધી સસ્તુ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

GST ઘટાડા બાદ, ૨૨ સપ્ટેમ્બર, સોમવારથી રસોડાના વાસણોથી લઈને ઈલેક્ટ્રોનિક્સ, દવાઓ, ઉપકરણો અને વાહનો સુધીની આશરે ૩૭૫ વસ્તુઓ સસ્તી થશે. GST કાઉન્સિલે ૨૨ સપ્ટેમ્બર (નવરાત્રિના પહેલા દિવસ) થી GST દર ઘટાડવાનો નિર્ણય લીધો છે, જેનાથી ગ્રાહકોને રાહત મળશે. ઘી, ચીઝ, માખણ, નાસ્તો, કેચઅપ, જામ, ડ્રાયફ્રૂટ, કોફી અને આઈસ્ક્રીમ જેવી સામાન્ય રીતે વપરાતી વસ્તુઓ તેમજ ટીવી, એર કન્ડીશનર (AC) અને વોશિંગ મશીન જેવી ઉચ્ચ કક્ષાની વસ્તુઓ પણ સસ્તી થશે. GST ફેરફારોના પ્રતિભાવમાં FMCG કંપનીઓએ પહેલાથી જ ભાવ ઘટાડાની જાહેરાત કરી દીધી છે.



## ન્યુઝ બોક્ષ

### સુરત જળબંબાકાર, લિંબાયતમાં એક કલાકમાં સાડા ચાર ઇંચ વરસાદ પડ્યો

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, જેના કારણે સુરતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઇ ગયા છે. ખાસ કરીને રાત્રિના સમયે અસહ્ય ગરમી અને બફારા બાદ વહેલી સવારથી જ શરૂ થયેલા ધોધમાર વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી દીધી હતી. લિંબાયત વિસ્તારમાં તો મેઘરાજાએ રીતસરનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું હતું, જ્યાં માત્ર એક કલાકમાં સાડા ચાર ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો.શહેરના અન્ય વિસ્તારો જેવા કે પીપલોદ, અઠવા, ગડુમસ રોડ, વરાછા, સિટીલાઈટ, અડાજણ, રાંદેર, ડુમસ અને ઉધનામાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઉધના ત્રણ રસ્તા જેવા મુખ્ય માર્ગો પર ગોઠણસમા પાણી ભરાઈ જતા વાહન-વ્યવહારને ગંભીર અસર પહોંચી હતી. પાણી ભરાવાના કારણે અનેક વાહનો રસ્તામાં જ બંધ પડી ગયા હતા, જેના કારણે લાંબા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. વરસાદી પાણીના કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી પણ ઘટી ગઈ હતી, જેના લીધે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. નોકરી-ધંધા પર જતા લોકો અને વિદ્યાર્થીઓ અટવાયા હતા. જોકે, એક તરફ જ્યાં વરસાદે મુશ્કેલીઓ ઊભી કરી હતી, ત્યાં બીજી તરફ શહેરીજનોને અસહ્ય ગરમી અને ઉકળાટમાંથી મોટી રાહત મળી હતી. છેલ્લા કેટલાક દિવસોથી પ ડી રહેલી ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. મહાનગરપાલિકા દ્વારા પાણીના નિકાલ માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે, પરંતુ સતત વરસી રહેલા વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પ રિસ્થિતિ વિકટ બની છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે, જેને પગલે તંત્રને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે. સપ્ટેમ્બર-૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૧૦૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ પ્રદેશમાં ૧૩૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૨ ટકા, પૂર્વ-મધ્યમમાં ૧૧૦ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૯૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે.

# વેસ્ટ પાઉડરની આડમાં વડોદરા લઈ જવાતો બિયરનો જથ્થો ઝડપાયો

## પોલીસે ચાલક સાથે ઝડપી પાડી રૂ.૧૮.૧૬ લાખના બિયરના ૭૬૮૦ ટીન સહિત કુલ રૂ.૨૮.૧૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા હતા

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।



નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર અંકલેશ્વરની સહયોગ હોટલ પાસે આયશર ટેમ્પોમાં પ્લાસ્ટિકના દાણા અને વેસ્ટ પાઉડરના ડ્રમની આડમાં સંતાડેલ બિયરનો જથ્થો અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે ચાલક સાથે ઝડપી પાડી રૂ.૧૮.૧૬ લાખના બિયરના ૭૬૮૦ ટીન સહિત કુલ રૂ.૨૮.૧૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા હતા. મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે "વિદેશી દારૂનો જથ્થો ભરેલ બંધ બોડીનો આઈસર ટેમ્પો નેશનલ હાઈવે નં.૪૮ ઉપર સુરતથી અમદાવાદ તરફ પસાર થવાનો છે" તેવી માહિતી અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ ટીમને મળી હતી. જેના આધારે પોલીસે સહયોગ હોટલ પાસે વોચ ગોઠવી બાતમી મુજબના ટેમ્પાને ઝડપી પાડ્યો હતો. ટેમ્પો ચાલક અજય મદન વાનખડે (રહે-મહારાષ્ટ્ર) હોવાનું બહાર આવ્યું હતું. ટેમ્પોની તલાસી લેતા તેમાંથી ડ્રમ તથા બોક્સની આડમાં સંતાડેલ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. તથા ૭૦ નંગ ડ્રમમાં વેસ્ટ પાઉડર તથા પ્લાસ્ટિકના દાણા હતા. ચાલકે રજૂ કરેલ બિલ્ટી બનાવટી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે રૂ.૧૮,૧૬,૮૦૦ ની કિંમતના બિયરના ટીન નંગ ૭૬૮૦, રૂ.૧૦ લાખની કિંમતનો આઈસર ટેમ્પો, મોબાઈલ ફોન તથા વેસ્ટ પાઉડર અને પ્લાસ્ટિકના દાણા ભરેલા ડ્રમ સહિત કુલ રૂ.૨૮,૧૭,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ચાલકની પ્રોહીબિશનના ગુનામાં ધરપકડ કરી ટેમ્પો માલિક, રામ નામ ધરાવતો વ્યક્તિ અને એક મોબાઈલ નંબર ધારક શખ્સને ફરાર જાહેર કર્યા હતા. આરોપીએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે, મધ્યપ્રદેશ ખાતે એક રામ નામના વ્યક્તિએ મને કહ્યું હતું કે, વાપી જઈ મોટી ગાડી ચલાવીશ તો તને એક દિવસના રૂ.૩૫૦૦ મળશે. ત્યારબાદ ભીલાડ ચેકપોસ્ટથી એક શખ્સે મને આઈસર ટેમ્પો આપી વડોદરાના નંદેસરી ખાતે લઈ જવા કહી ત્યાં અન્ય વ્યક્તિ માલ ક્યાં લઈ જવાનો છે તે જણાવશે તેમ કહ્યું હતું.

### અંદાજે રૂ.૩૫ લાખનું નુકસાન પહોંચ્યું હતું ભરૂચ-દહેજ હાઇવે ઉપર ડ્રાઈવરને ઊંઘનું ઝોંકુ આવી જતા ટ્રેલર ડમ્પર પાછળ ઘુસ્યું

। (એજન્સી) ભરૂચ, તા.૨૧ ।

ભરૂચ-દહેજ હાઈવે ટ્રેલર ચાલકને ઊંઘનું ઝોંકુ આવી જતા ટ્રેલર રસ્તાની સાઈડમાં ઉભેલ ડમ્પર પાછળ ધડાકાભેર ભટકાયા બાદ ટ્રેલર આગની લપેટમાં આવી સળગીને ખાક થઈ જતા અંદાજે રૂ.૩૫ લાખનું નુકસાન પહોંચ્યું હતું. ગઈકાલે મોડી રાત્રે ભરૂચથી દહેજ તરફના હાઈવે ઉપર કેસરોલ પાસે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ નજીક ટ્રેલર ચાલક મકસુર ઈકરામુદ્દિન ખાનને અચાનક ઊંઘનું ઝોંકુ આવી જતા ટ્રેલર રસ્તાની સાઈડમાં ઉભેલ ડમ્પરની પાછળ ધડાકાભેર ઘૂસી ગયું હતું. અને ચાલક કેબિનમાંથી નીચે ઉતરતાની સાથે જ કેબીનમાં આગ ફાટી નીકળી હતી. અચાનક આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ટ્રેલર આગની લપેટમાં આવી સળગીને ખાક થઈ જતા ટ્રેલરને રૂ.૩૫ લાખનું નુકસાન પહોંચ્યું હતું. અંકલેશ્વરના દિલેશ રોડલાઈન્સ પ્રા.લી.ના વસંત સર્વિસ સ્ટેશનના મેકેનિક તરીકે કામ કરતા ગુફરાન ખાનએ ટ્રેલર ચાલક મકસુર ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ભરૂચ રૂરલ પોલીસે મોટર વ્હીકલ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. અંકલેશ્વરના દિલેશ રોડલાઈન્સ પ્રા.લી.ના વસંત સર્વિસ સ્ટેશનના મેકેનિક તરીકે કામ કરતા ગુફરાન ખાનએ ટ્રેલર ચાલક મકસુર ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ભરૂચ રૂરલ પોલીસે મોટર વ્હીકલ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

### ૨૧ વાહનોની ચોરીઓમાં પકડાયેલો વાહન ઉઠાવગીર ફરી ચોરીની બાઈક સાથે પકડાયો

। વડોદરા, તા.૨૧ ।

વડોદરા શહેર પોલીસે અઠંગ વાહન ચોરને ફરી એકવાર ઝડપી પાડતાં તેની પાસે મળેલી મોટરસાયકલ ચારેક દિવસ પહેલાં ચોરી હોવાની વિગતો ખુલી હતી. યાકુતપુરાથી અજબડી મિલ જવાના રસ્તે ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોટર સાયકલ ઉપર જતા ખાલીદ યુસુફભાઈ ગાઝિયાવાલા (નગારચી મહોલ્લો, સૈયદપુરા, નાગરવાડા) ને ઝડપી પાડી મોટરસાયકલ ના પેપર્સ માંગતા તેની પાસેથી મળી આવ્યા ન હતા. પોલીસની પૂછપરછ દરમિયાન આ મોટરસાયકલ ચારેક દિવસ પહેલા તેણે સયાજી હોસ્પિટલ ના ઓર્થોપેડિક વિભાગ નજીકથી ચોરી હોવાની વિગતો બહાર આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ એ ખાલીદ અગાઉ પણ ૨૧ જેટલા વાહનોની ચોરીના બનાવમાં સંડોવાયેલો હતો.

# સાસણ ગીરમાં હાઇપ્રોફાઇલ દારૂની મહેફિલનો પર્દાફાશ, ૧૧ યુવક-યુવતીઓ ઝડપાયા

## ગીર નેચરલ ફાર્મમાં ચાલતી હતી દારૂની મહેફીલ : સુરત, મોરબી, અમદાવાદની યુવતીઓ મહેફિલ માણતા ઝડપાઈ



। સાસણ ગીર, તા.૨૧ ।

સાસણ ગીર નજીક અંબાળા ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર પોલીસે દરોડો પાડીને ભંગ પાડ્યો હતો. આ દરોડામાં સુરત, મોરબી અને અમદાવાદની યુવતીઓ સહિત કુલ ૧૧ યુવક-યુવતીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી રૂ. ૫૫,૦૦૦નો દારૂનો જથ્થો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૧૦.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, મેંદરડા તાલુકાના અંબાળા ગામ પાસે આવેલા 'ગીર નેચરલ ફાર્મ' હાઉસમાં દારૂની મહેફિલ ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ત્યાંથી દારૂ પીતા યુવક-યુવતીઓ મળી આવ્યા હતા. પોલીસે ફાર્મ હાઉસના સંચાલક મેહુલ હરદાસભાઈ બારડ સહિત કુલ ૧૧ લોકોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ઝડ પાયેલા આરોપીઓમાં રાજકોટ અને મોરબીના યુવકોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, સુરત, મોરબી અને અમદાવાદની યુવતીઓ પણ મહેફિલ માણતા ઝડપાઈ હતી. પોલીસ દ્વારા તેમની ઓળખ અને પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ દારૂનો જથ્થો માળીયાહાટીનાના માનસિંગ સિસોદિયાએ પૂરો પાડ્યો હતો. પોલીસે તેની વિરુદ્ધ પણ ફરિયાદ નોંધી છે અને તેને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સ્થળ પરથી દારૂ, વાહનો અને અન્ય સાધનસામગ્રી સહિત કુલ રૂ. ૧૦.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ઘટનાએ ગીરના શાંત વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો છે. પ ોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે અને મહેફિલમાં સામેલ અન્ય લોકોની માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ દરોડા બાદ સ્થાનિક વિસ્તારમાં દારૂની પ્રવૃત્તિઓ ચલાવતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) મેહુલ હરદાસભાઈ બારડ રહે.ગીર ખોરાસા તા.માળીયા હાટીના જી.જુનાગઢ હાલ. રહે. ગીર નેચરલ ફાર્મ, અંબાળા ગામ તા. મેંદરડા

(૨)મુકેશભાઇ નરશીભાઇ પણસારા રહે.રાજકોટ અંબીકા ટાઉનશીપ હેવન હીલ્સ સી.૩૦૨

(૩) કેવલભાઇ અર્જુનભાઇ ચોવટીયા રહે. રાજકોટ રાજદીપ સોસાયટી બ્લોક નં ૧૪૧ મહુડી

(૪) દર્શનભાઇ જગદીશભાઇ છત્રાળા રહે.રાજકોટ નાના મૌવા મેઈન રોડ ગોવાણી છાત્રાલયની પાસે તલશી એપાર્મેન્ટ બ્લોક નં ૪૦૨

(૫) હરીશકુમાર જસવંતભાઇ ભેંસદળીયા રહે. મોરબી રવાપર રેસીડેન્સી તા.જી.મોરબી

(૬) મનીષભાઈ જીવણભાઇ રગીયા રહે.ખાનપર ગામ તા.જી.મોરબી

(૭) ધવલભાઇ ખીમજીભાઇ ઘોડાસરા રહે. મોરબી અવની ચોકડી પાસે દર્શન ટાઉનશીપ બ્લોક નં ૧૦૨ પહેલા માળે

(૮) સીતાબેન વાઓ વીશાલ સાહેબલાલ ગુપ્તા રહે.સુરત આવાસ માનસરોવર સોસાયટી ‘‘બી" ગોળાદરા બોમ્બે માર્કેટ ફ્લેટ નંબર ‘‘બી" ૨૦૬

(૯) આકૃતીબેન ઉર્ફે નિશાબેન વા/ઓ પંકજગીરી જયંતગીરી મેઘનાથી રહે. હાલ મોરબી અમી ચોકદી ભારત નગર -૦૨ મકાન નંબર ૨૭ મળ રહે, અમદાવાદ નરોડા પાટીયા ન્યૂ ઈન્ડીયા કોલોની કેડવણી ધામ સર્કલ પાછળ મકાન નંબર ૧૩૩

(૧૦) નીરાલીબેન વા/ઓ જયેશભાઈ છનાભાઈ સોલંકી રહે. હાલ અમદાવાદ વસ્તા ગણપતી મંદીરની સામે,।

મુળ અમદાવાદ પુનીત નગર કેડીલા ક્રોસીંગ પાસે હરીકૃષ્ણ પાર્ક સોસાયટી બ્લોક નંબર C-20>

(૧૧) મમતાબેન વા/ઓ રવીભાઇ મીણા રહે. અમદાવાદ હાથીજણ સર્કલઓમ કોમ્યુનીટી સોસાયટી મકાન

નં-૨૦ મુળ રહે. રાજસ્થાન રાજોલ ગામ તા.જી. ઉદયપુર

(૧૨) હાજર નહી મળી આવનાર માનસીંગભાઇ સીસોદીયા રહે.માળીયા

## ત્રણ વાહનોને ટક્કર મારી બે રાહદારીઓને ઈજા પહોંચાડી

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

વડોદરાના ડભોઈ રોડ પર શક્તિનગરની પાછળ હીરાબાનગરમાં રહેતા અને ગેરેજમાં નોકરી કરતા ધીરજ યાદવએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે તારીખે સાંજે ૪:૦૦ વાગે હું તથા મારા ઘરની બાજુમાં રહેતો સુમિત ઠાકોર વાઘોડિયા રોડ ડી માર્ટમાં કપડાં લેવા માટે ગયા હતા અને કપડા લઈને બહાર નીકળી રોડ ક્રોસ કરીને ચાલતા ઘરે જતા હતા. સાંજે ૪:૩૦ વાગ્યે ગુરુકુળ સર્કલ બાજુથી એક બ્લેક કલરની ટાટા કંપનીની હેરિયર કારનો ચાલક પૂર ઝડપે આવ્યો હતો અને રોડની સાઈડમાં મૂકેલી ઈકો કાર, બાઈક તથા અલ્ટો કારને ટક્કર મારી હતી. ત્યારબાદ તેની કાર મારા પગની આંગળીઓ પર ચડી ગઈ હતી તેમજ સુમિતના ડાબા પગ પર પણ તેને કાર ચડાવી દીધી હતી. લોકોએ પીછો કરીને કારચાલકને ઝડપી પાડ્યો હતો કાર ચાલકનું નામ રવિરાજસિંહ મહિપતસિંહ જાડેજા (રહે-શ્રીનાથજી પેલેસ, સમા-સાવલી રોડ, વડોદરા, મૂળ રહે-ગામ ધ્રાફા, તાલુકો-જામજોધપુર, જીલ્લો જામનગર) હોવાનું જણાવ્યું હતું.

## વડોદરામાં મોડી રાત્રે રેલવે ટ્રેક પાસે જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

વડોદરામાં મકરપુરા પોલીસ સ્ટેશનનો પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મોડી રાત્રે સવા બે વાગ્યે માહિતી મળી હતી કે ઘાઘરેટીયાથી સોમા તળાવ જતા રેલવે ટ્રેકના ગરનાળા પાસે કેટલેક લોકો જુગાર રમે રહ્યા છે. જેથી પોલીસે ઉપરોક્ત જગ્યા પર રેડ કરતા ચાર જુગારીઓ ઝડપાયા હતા. પોલીસે તેમની પાસેથી ચાર મોબાઈલ, મોપેડ અને રોકડા ૩૬,૬૦૦ રોકડા સહિત ૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે તેમની પાસેથી ચાર મોબાઈલ, મોપેડ અને રોકડા ૩૬,૬૦૦ રોકડા સહિત ૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા જુગારીઓમાં (૧) રાજેન્દ્ર ઉર્ફે લોખંડ કનોજીયા (રહે-ગોમતીપુરા, ગાજરવાડી) (૨) આરીફ અયુબભાઈ શેખ (રહે-દેણા ગામ) (૩) મિત્તલ રમેશભાઈ પંચાલ (રહે-કૃષ્ણનગર, ઘાઘરેટીયા) અને (૪) અશોક પરથીભાઈ વણઝારા (રહે-વિષ્ણુ વાટીકા, સોસાયટી સોમા તળાવ) પાસેનો સમાવેશ થાય છે.

## અમરેલીના ધામેલ ગામના આર્મી જવાન કાશ્મીરમાં શહીદ થયા

। (એજન્સી) અમરેલી, તા.૨૧ ।

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામના સપૂત અને ભારતીય સેનાના જવાન મેહુલ મેપાભાઈ ભુવા (ભરવાડ) ગુરૂવારે (૧૮ સપ્ટેમ્બર) કાશ્મીરમાં ફરજ બજાવતા શહીદ થયાના સમાચારે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. રાષ્ટ્રની રક્ષા કાજે પોતાના પ્રાણોની આહુતિ આપનાર વીર જવાનની શહીદીથી તેમના પરિવાર અને ગામમાં ભારે ગમગીનીનો માહોલ છવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મેહુલભાઈ ભુવા કાશ્મીરમાં દેશની સરહદોની રક્ષા કરી રહ્યા હતા, તે દરમિયાન તેઓ વીરગતિને પામ્યા હતા. તેમના શહીદીના સમાચાર મળતા જ ધામેલ ગામ સહિત આસપાસના વિસ્તારોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. શહીદ વીર જવાન મેહુલ ભુવાનો પાર્થિવ દેહ શુક્રવારે સત્તાવાર રીતે તેમના માદરે વતન ધામેલ ખાતે લાવવા માટે રવાના કરી દેવામાં આવ્યો છે. આજે (શનિવાર) મોડી રાત્રે તેમનો પાર્થિવ દેહ વતન પહોંચશે.

## વિશેષ

### વર્ષ ૨૦૨૩માં રજૂ થયેલાં ગુજરાતી ચલચિત્રોના શ્રેષ્ઠ કલાકાર - કસબીઓને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક એનાયત કરાયા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ સંપન્ન







। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલા એ સરકાર આશ્રિત નહિ પરંતુ સરકાર પુરસ્કૃત હોય એવી વિકસાવેલી પરંપરાને પગલે રાજ્ય સરકાર ગુજરાતી ફિલ્મના કલાકાર કસબીઓનું આ ગૌરવ સન્માન કરીને ટેલેન્ટને પણ પ્રોત્સાહિત કરે છે. રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા આ ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં વિવિધ કેટેગરીના ૪૩ જેટલા એવોર્ડ્સ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વન પ ર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા, અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય શ્રી અમિત ઠાકર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ અને શહેર પ્રમુખ શ્રી પ્રેરક શાહની વિશેષ ઉપસ્થિતિમાં અર્પણ કર્યા હતાં. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે કહ્યું કે, ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં જે સર્વાંગી વિકાસ થયો છે તેના પરિણામે અન્ય ઈન્ડસ્ટ્રીઝ સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ ગુજરાતના સ્ટ્રેટેજિક લોકેશન તરફ આકર્ષિત થઈ છે અને વિકાસનું રોલ મોડલ બનેલું ગુજરાત ફિલ્મ ઉદ્યોગનું પણ હબ બની રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, એફ.ડી.આઈ. અને બિઝનેસ ઈન્વેસ્ટમેન્ટ સાથે હવે ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ માટે ફેવરીટ ડેસ્ટીનેશન બન્યું છે. તેમણે ઉમેર્યુ કે, ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધ્યું છે તેમાં ફિલ્મ અને કલા જગતના સ્ટાર્ટઅપ્સનું પણ મહત્વનું યોગદાન છે. તેમણે ગુજરાતી ફિલ્મોના બદલાતા કલેવર, માતૃભાષા પ્રત્યે લોકોનો વધતો જતો લગાવ અને ઉત્સાહ તથા સામાજિક વિષયોને સ્પર્શતી ફિલ્મના યુગને પરિણામે ગુજરાતી ફિલ્મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં પણ દેશ અને રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી થઈ છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતીઓ વિશ્વભરમાં જ્યાં પણ વસ્યા છે ત્યાં તે પ્રદેશના થઈને રહ્યા છે અને ગુજરાતી ભાષાને ત્યાં પણ તેમણે જાળવી રાખીને માતૃભાષાનું ગૌરવ કર્યુ છે. ગુજરાતને આંગણે આ વર્ષે સતત બીજી વાર ફિલ્મ ફેર અવોર્ડનું આયોજન આગામી દિવસોમાં થવાનું છે તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જે પ્રકારે મનોરંજન માટે પ્લેટફોર્મ્સ વધતા જાય છે તે જોતા આ તો માત્ર શરૂઆત છે આવનારા દિવસોમાં ફિલ્મો અને મનોરંજન ક્ષેત્ર માટે મોટી ક્ષિતિજો ખુલવાની છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# બદલાતા મોસમમાં નહીં સતાવે શરદી અને ખાંસીની સમસ્યા, આયુર્વેદિક ઉપચારથી દૂર થશે કોલેસ્ટ્રોલ

## શિયાળાની ધીમી શરૂઆત થઇ રહી છે, આ સાથે જ શરદી ખાંસી જેવી પરેશાની પણ વધી રહી છે



સવારે અને સાંજે શિયાળાની હળવી દસ્તક હવામાનમાં જોવા મળી રહી છે. શિયાળાની શરૂઆતથી જ શરદી, ખાંસી, ફ્લૂના લક્ષણો પણ વધી જાય છે. આ સમસ્યાઓ નાની હોવા છતાં રોજિંદા કામકાજને પ્રભાવિત કરે છે. શરદી, ખાંસી અને તાવથી રાહત મેળવવા માટે વારંવાર દવાઓનો ઉપયોગ કરવો પણ યોગ્ય નથી. દવાઓથી આરામ તો મળે છે પરંતુ એન્ટીબાયોટિક કિડની સહિત અનેક અંગો પર ખરાબ અસર પાડે છે. તેથી આ સમસ્યાઓને દૂર કરવા માટે આયુર્વેદિક ઉપાયોનો સહારો લો, જેના કોઈ સાઈડ ઈફેક્ટ્સ પણ નથી હોતા. ત્રિકટુ ત્રણ સામગ્રીવાળું આયુર્વેદિક મિશ્રણ છે. જેમાં ત્રિનો અર્થ ત્રણ થાય છે અને કટુનો અર્થ છે ગરમ અને તીખી જડીબુટ્ટી. આ ત્રણ મસાલાના સંયોજનથી તૈયાર થાય છે જે સરળતાથી આપણાં રસોડામાં ઉપલબ્ધ પણ રહે છે. તેમાં ત્રણ મસાલાઓ સમાન માત્રામાં મિક્સ કરવામાં આવે છે, કાળા મરી, પીપળી, સૂંઠ. ત્રિકટુ શ્વસન તંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના સેવનથી મોસમી બીમારીઓ જેમ કે, શરદી, ખાંસી, અસ્થમા, એલર્જિક રાઈનાઈટિસથી રાહત મળે છે. બદલાતા હવામાનમાં સંક્રમણનું જોખમ વધારે રહેલું હોય છે. એવામાં આ મિશ્રણ તમારાં માટે કારગત સાબિત થાય છે. ત્રિકટુની તાસીર ગરમ હોવાથી તે ભૂખમાં વધારો કરે છે. ઉપરાંત તે લિવર, પ્લીહા (બરોળ) અને સ્વાદુપિંડના સ્વાસ્થ્યને જાળવી રાખે છે. તે પેટને એન્ઝાઈમ્સ ઉત્પન્ન કરવા માટે ઉત્તેજિત કરે છે જેનાથી પાચન સરળ બને છે.

# હરસ-મસા અને ફિશરનો રામબાણ ઇલાજ છે રસોડાંની આ વસ્તુઓ, જૂની કબજિયાતમાં મળી શકે રાહત



એનલ ફિશર પણ ગુદામાર્ગ સાથે જોડાયેલી એક સમસ્યા છે અને તે બવાસીર એટલે કે, હરસ મસાનું જ એક ગંભીર રૂપ છે જેમાંકબજિયાત અથવા હરસના કારણે ગુદામાર્ગમાં કટ અથવા તિરાડ બની જાય છે, જેનાથી દર્દીને મળત્યાગ દરમિયાન પરેશાની થાય છે. હરસ અને એનલ ફિશર પાછળ કબજિયાત જવાબદાર હોય છે. કબજિયાત થવાના મુખ્ય કારણોમાં વાત દોષનું અસંતુલન હોય છે. આ સિવાય તેના ઘણાં કારણો હોઈ શકે છે જેમ કે, ખોરાકને યોગ્ય રીતે ચાવીને કે મન લગાવીને ના ખાવો, સૂકા, ઠંડા, મસાલેદાર, તળેલા અને ફાસ્ટફૂડનું વધારે સેવન, પર્યાપ્ત માત્રામાં પાણી ના પીવું, ભોજનમાં ઓછું ફાઈબર, ખરાબ ચયાપચય, ઉંઘ પુરી ના થવી, ભોજનમાં ફાઈબરની અપુરતી માત્રા, ખરાબ ચયાપ ચય, અપુરતી ઉંઘ, મોડી રાત્રે ભોજન લેવું વગેરે સામેલ છે. દૂધ એક નેચરલ લેક્સેટિવ છે અને બાળકોથી લઈને વૃદ્ધો સુધી લગભગ તમામના સ્વાસ્થ્ય માટે તે ઉત્તમ ગણાય છે. તમે રાત્રે સૂતી વખતે એક ગ્લાસ ગરમ દૂધ પી શકો છો. આનાથી વધારે પિત્તવાળા લોકોને રાહત મળશે. જો દૂધ કામ નથી કરતું તો ૧ ચમચી ગાયના ઘીને એક ગ્લાસ ગરમ ગાયના દૂધની સાથે જૂની કબજિયાતવાળા લોકોએ પીવું જોઈએ. ગાયનું ઘી તમારાં ચયાપચયમાં સુધારો કરે છે અને તે તમારાં શરીરમાં હેલ્ધી ફૅટ જાળવી રાખવામાં મદદ કરે છે જે વિટામિન એ, ડી, ઈ અને કે (Vitamin A,D,E,K) જેવા ફૅટમાં દ્રાવ્ય (soluble) વિટામિન્સના અવશોષણ માટે આવશ્યક છે. તમારે ભેંસના ઘીનું સેવન ના કરવું જોઈએ, કારણ કે તે ઘટ્ટ હોય છે અને દરેક વ્યક્તિને પચવામાં સરળ હોતું નથી. જે લોકો વજનમાં વધારો કરવા ઈચ્છે છે તેઓ માટે ભેંસનું ઘી ઉત્તમ ગણાય છે. ગાયનું ઘી તમામ લોકો માટે ઉત્તમ હોય છે કારણ કે તે સરળતાથી પચી જાય છે. ૧ ચમચી ગાયનું ઘી રાત્રે સૂતી વખતે અથવા સવારે ખાલી પેટ લેવાથી કબજિયાતમાં રાહત મળશે. કાળી કિસમિસ ફાઈબરથી ભરપૂર હોય છે જે મળને કઠોર થવાથી બચાવે છે અને રેચક બનાવે છે. કિસમિસ કે સૂકામેવાને હંમેશા પલાળીને જ ખાવા જોઈએ, કારણ કે સૂકામેવા વાત દોષમાં વધારો કરીને ગેસ્ટ્રિક સમસ્યા ઉભી કરી શકે છે. આગળની રાત્રે પલાળવાથી તે પાચનમાં સરળ બને છે. આમળા એક અદભૂત રેચક છે અને તેને નિયમિત રીતે સવારે લેવાથી તમને અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓથી રાહત મળી શકે છે. આમળાનું સેવન તમે ફળ અથવા પાઉડર તરીકે પણ કરી શકો છો. તે ત્રણે દોષ વાત, કફ અને પિત્તના નિયંત્રણ માટે શ્રેષ્ઠ છે. એક ચમચી મેથીના બીજ રાત્રે પલાળી અને સવારે સૌથી પહેલાં ખાઈ લો. તમે સૂતી વખતે ગરમ પાણીની સાથે એક ચમચી મેથી પાઉડર લઈ શકો છો. તે એવા દર્દીઓ માટે ઉત્તમ છે જેઓને કફ અને વાતની સમસ્યા રહેતી હોય. જો કે, વધારે પિત્તવાળા લોકોએ મેથીના સેવનથી બચવું જોઈએ.

# દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ સાથે પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે

ભારત, વિશ્વની સૌથી ઘનજાતી પ્રજા ધરાવતું અને ત્રીજા સૌથી મોટું કાર્બન ઉત્પન્ન કરનાર દેશ છે. દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ સાથે પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે. પર્યાવરણની ગાળતી સ્થિતિ, પ્રાકૃતિક સંસાધનોની જરૂરિયાત, અને વિવિધ પર્યાવરણીય ખતરોની સિરીઝથી ભારતને કેટલીક મહત્વની પર્યાવરણીય ચિંતાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચિંતાઓમાં વાયુ પ્રદૂષણ, પાણીની ઓછી ઉપલબ્ધતા, વનસંતુલન, અને જૈવિક વૈવિધ્યનો ખતમ થવાનો ખતરો શામેલ છે. આ લેખમાં, આપણે ભારતની પર્યાવરણ સંકટો અને દેશના સંરક્ષણ પ્રયાસો વિશે વિગતે ચર્ચા કરીશું. ૧. વાયુ પ્રદૂષણ-ભારતમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની છે, જે ઘણા મોટા શહેરો જેમ કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બંગલોરમાં વધુ છે. પ્રદૂષિત હવામાં ખાસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ઘરોમાં કચરો બળતા ગેસોનો મૂલ ભુમિકા છે. નમ્ર શ્વસન પદ્ધતિઓ, બિનમુલ્ય વાયુ પ્રદૂષણ, અને વ્યવસાયિક ઉદ્યોગો દ્વારા અતિ વધારેલા પ્રદૂષણના સ્તરોને કારણે માનવ સ્વાસ્થ્ય પર ગંભીર પ્રભાવ પડી રહ્યો છે. સ્વાસ્થ્ય પર અસરોઃ વાયુ પ્રદૂષણ હૃદય અને શ્વાસના રોગોનો કારણ બની રહ્યું

## સત્તાવાર અને નાગરિક સ્તરે સંરક્ષણ પ્રયાસો



## ભારતમાં પર્યાવરણીય ચિંતાઓ અને ખતરાઓ વધતા જવા, તેનું સંરક્ષણ કરવું અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે

છે. ગરમી અને ઉલટાભાવઃ વધુ પ્રદૂષણ તાપમાનના વધારા અને મોસમના અસંતુલિત ફેરફાર માટે જવાબદાર છે. સ્વચ્છ ઉર્જાનો ઉપયોગઃ સૂર્ય ઉર્જા, પવન ઉર્જા જેવા પર્યાવરણીય રીતે મૈત્રીપૂર્ણ ઊર્જા સ્ત્રોતોની તરફ દોરી જવાનું. દૂધિયાં ગાડીઓ અને વાહનોઃ વધુ સ્માર્ટ અને પર્યાવરણ સાથે સંલગ્ન વાહનો, જેમાં વિદ્યુત વાહનોનો પ્રચલિત ઉપયોગ. ભારતમાં અનેક વિસ્તારોમાં પાણીની અછત જોવા મળી રહી છે. દેશમાં વિવિધ સ્ત્રોતો છે, જેમ કે નદીઓ, આઝોર અને ભીના તળાવો, પરંતુ જળ વ્યવસ્થાપનના અભાવ અને વિપ્રમાણિક વરસાદની સ્થિતિથી પાણીની અછત મૌલિક સમસ્યા બની ગઈ છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રમાં વધતી પાણીની માંગ, નદીના પાણીના ખરાબ ગુણવત્તા, અને મોટા પાયે સંસાધનોના દુરુપયોગને કારણે આ સ્થિતિ ઘટી રહી છે. કૃષિ અને પાણીની માંગઃ ભવિષ્યમાં ખેતી માટે પાણીની દયાળુ ઉપયોગ માટે નવી સિસ્ટમો અને અભિગમ વિકસાવાની જરૂર છે. નદીઓનો દુષ્કાળઃ નદીઓ અને તળાવોમાં પાણીના સ્તરો ઘટી રહ્યા છે. વર્ષા જળ સંરક્ષણઃ વરસાદના જળને સંચય કરવા માટે ટેકનિકલ અભિગમો, જેમ કે મિનરલ વોટર રીચાર્જ ટેક્નિક. પાણી પુનઃઉપયોગઃ પાણીના પુનઃઉપયોગ અને રિસાયકલિંગ પર ભાર મૂકવો. ભારતમાં વન અને જંગલોથી  સંકળાયેલા પ્રદેશોમાં ભારે નાસમજરીથી વધતી વનસંતુલનાની ચિંતાઓ છે. મુખ્યત્વે જમીન પર નિર્માણ માટેની વ્યવસ્થાઓ, ખાણના ખનન, અને ખેતી માટે વનમાં વધારો કરવામાં આવે છે. આના પરિણામે વિવિધ જંતુઓ અને પ્રાણીઓના ઘરખંડ નષ્ટ થાય છે અને જૈવિક વૈવિધ્ય ખતમ થવા પામી છે. વિશ્વ ખત્મ થતી પ્રજાતીઓઃ વનસ્પતિ અને પ્રાણીજાતીઓ ખતમ થવાની પ્રકીયા સતત વધી રહી છે. હવું પીંટ વનસ્પતિઃ દેશના ઘણા ભાગોમાં વિવિધ વનસ્પતિનું નાશ થવાનો ખતરો છે.

# આધુનિક ટેક્નોલોજી અને નવીનતાઃ ગતિશીલ ટેક્નોલોજી ક્ષેત્ર અને પ્રગતિ

## નવીનતા એ એવી ક્રિયાવલીઓ છે જે સમસ્યાઓને યોગ્ય રીતે સોલ્વ કરીને નવું વિચારધારા અથવા તકનીક અપનાવે છે




આધુનિક ટેકનોલોજી અને નવીનતા એ આજના વિશ્વમાં અદ્વિતીય રીતે મહત્વપૂર્ણ બની ચુકી છે. તે માત્ર વિકાસશીલ અને વિકસિત દેશો માટે જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં પ્રગતિ માટે અનિવાર્ય બની છે. ભારત, જે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, ટેકનોલોજી અને નવીનતા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. મેન્યુફેક્ચરિંગ, ફાઈનાન્સ, આરોગ્ય, શિક્ષણ, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અનેક ક્ષેત્રોમાં નવી ટેકનોલોજી એ ભારતની સાથે-સાથે સમગ્ર વિશ્વને નવી દિશા આપવી રહી છે. ૧.૧. આધુનિક ટેકનોલોજીઃ આધુનિક ટેકનોલોજી એ શ્રેષ્ઠ સાધનો અને પદ્ધતિઓ છે જેમણે અનેક પરિસ્થિતિઓમાં પ્રગતિ અને સુધારા લાવ્યા છે. મુખ્ય ક્ષેત્રોમાંઃ કૃત્રિમ બુદ્ધિ એ એન્ટેલીજન્ટ મશીન્સ અને પ્રોગ્રામ્સ માટેનો ઉદાહરણ છે જે માનવ મગજના કાર્યને અનુકૂળ કરે છે. આરોગ્ય, મેન્યુફેક્ચરિંગ, અને ખેતીમાં **AI** નો ઉપયોગ જ્ઞાનને ઑટોમેટ કરવા અને કાર્યક્ષમતા વધારવા માટે થઈ રહ્યો છે. મશીન લર્નિંગના ભાગરૂપે, મશીન લર્નિંગ એ આપમેળે અનુભવ પરથી શીખવા અને ચુકવણી મથકને સરળ બનાવવાનો પ્રયાસ કરે છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સએ ઉપકરણો અને ટેકનોલોજી વચ્ચે સંલગ્નતા આપીને અમારી યાત્રા, આરોગ્ય, ઘરનો સંચાલન, અને દરેક ક્ષેત્રમાં કાર્યક્ષમતા વધારી રહી છે. એડવાન્સ્ડ એન્જિનીયરિંગ પ્રિન્ટિંગ એક નવીન ટેકનોલોજી છે જે ઉત્પાદન પ્રક્રિયાઓમાં ઝડપ અને કાર્યક્ષમતાનું લાવણ્ય આપે છે. આ ટેકનોલોજી મેડિકલ, આર્કિટેક્ચર, અને મેન્યુફેક્ચરિંગમાં વિશાળ સંભાવનાઓને ઉકેલવા માટે ઉપયોગ થઈ રહી છે.

# દેશની વિકાસમાં ટેક્નોલોજી અને નવીનતાનો અસર

## ભારતના પર્યાવરણીય સંરક્ષણ માટે કૃત્રિમ બુદ્ધિ, મશીન લર્નિંગ અને અન્ય ટેક્નોલોજીઓનો ઉપયોગ વધતો જશે

ભારત,એકવિકસતીઅર્થવ્યવસ્થા અને વિશ્વની બીજું સૌથી મોટું પ્રદૂષક દેશ હોવાના નાતે, પર્યાવરણના મામલામાં પણ તેની જવાબદારી પુરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અહીંના જંગલ, નદીઓ, ખેતરો અને વિવિધ પ્રાકૃતિક સંસાધનો પર પ્રકૃતિ અને પ્રાણીઓ માટે ખતરાનું સિલસિલો સતત વધી રહ્યો છે. દેશને કેટલાક મોટા પર્યાવરણીય ખતરાઓનો સામનો છે, જેમાં વાયુ પ્રદૂષણ, પાણીનો અભાવ, જૈવિક વૈવિધ્યનો ખતમ થવાનો ખતરો, અને પશુપંખીઓ માટે વિસર્જન વગેરેનો સમાવેશ થાય છે. વાયુ પ્રદૂષણઃ આજે, ભારતનાં મોટા શહેરો જેમ કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણ દુનિયાના સૌથી ઘણાં હવામાંથી એક છે. વાહનોથી પ્રદૂષિત વાયુ, ઉદ્યોગો અને અનુકૂળ ગેસો યથાવત રહીને જીવન અને સ્વાસ્થ્ય માટે ખતરનો કારણ બન્યાં છે. જળની અછતઃ દેશના ઘણા ભાગોમાં પાણીની દુષ્કાળ, ખૂટતી નદીઓ અને તળાવોમાં પાણીના સ્તરો ઘટી રહ્યા છે. આ તળાવોમાં સતત પાણીની જરૂરિયાત તેમજ ખેતી માટે પાણીનો સંગ્રહ કરવા માટે સંકટ છે. વનસંતુલનઃ વધતી વસ્તી અને જમીન પર માળખાકીય વિકાસ માટે કરવામાં આવતી કાપણીઓ, ખાણો અને



આર્થિક પ્રવૃત્તિઓ સાથે જંગલના નાશથી વનસ્પતિ, જૈવિક વૈવિધ્ય અને પ્રાણીઓ પર પડતી અસર વધારે છે. વિશ્વસનીય નીતિ અને કાયદાઃ ભારત સરકારે પર્યાવરણીય સુરક્ષા માટે વિવિધ નીતિઓ વિકસાવી છે જેમ કે, પંખી સંરક્ષણ, જૈવિક વૈવિધ્ય અને ઝંઝાવાતી પરિસ્થિતિઓ માટે ખાસ કાયદા. નવવિદ્યાઓનો ઉપયોગઃ ભારત સૂર્ય અને પવન ઉર્જાના ક્ષેત્રમાં નવીન સંશોધનો કરી રહ્યું છે. નવું પ્રોજેક્ટ "સ્વચ્છ ભારત અભિયાન" પણ પર્યાવરણીય સ્વચ્છતા માટે મજબૂત પ્રયાસોને ઉજાગર કરે છે. વૃક્ષારોપણ અને જંગલ પુનઃસ્થાપનઃ "પૌદારોપણ અભિયાન" ના અમલથી દેશભરમાં વૃક્ષારોપણ અને જંગલોના પુનઃસ્થાપન માટે સિસ્ટમો લાગૂ કરવામાં આવી છે.

## આધુનિક શ્રેણીઃ અમદાવાદમાં માર્કેટિંગ-સેલ્સના સ્ટાર્ટઅપ્સ

# અમદાવાદ ગુજરાતનું નવું સ્ટાર્ટઅપ હબ કહી શકાય!




## અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઇન કન્સલ્ટેશન અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ જેવી સેવાઓ પણ પૂરી પાડે છે

ઓટોમેશનઃ ઘણા ઉદ્યોગોમાં ઓટોમેશનનો ઉપયોગ વધી રહ્યો છે, જેનાથી ઉત્પાદન ખર્ચ ઘટી રહ્યો છે અને ગુણવત્તા વધી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સઃ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ઉત્પાદન પ્રક્રિયાઓને વધુ કાર્યક્ષમ બનાવી શકાય છે. ડેટા એનાલિટિક્સઃ ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને ગ્રાહકોના વર્તનને સમજી શકાય છે અને તેમની જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડી શકાય છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સઃ ઈન્ટરનેટ ઓફ થિંગ્સનો ઉપયોગ કરીને ઉત્પાદન પ્રક્રિયાઓને જોડી શકાય છે અને તેને વધુ સ્માર્ટ બનાવી શકાય છે. ક્લાઉડ કમ્પ્યુટિંગઃ ક્લાઉડ કમ્પ્યુટિંગનો ઉપયોગ કરીને ડેટાને સ્ટોર કરી શકાય છે અને તેને ક્યારે પણ, ક્યાંથી પણ એક્સેસ કરી શકાય છે. અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેના કારણોઃ શૈક્ષણિક સંસ્થાઓઃ અમદાવાદમાં ઘણી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ છે જે નવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે. સરકારી નીતિઓઃ ગુજરાત સરકાર સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ ચલાવી રહી છે. રોકાણકારોઃ અમદાવાદમાં ઘણા એન્જલ ઈન્વેસ્ટર્સ અને વેન્ચર કેપિટલિસ્ટ્સ છે જે સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માટે તૈયાર છે. મેન્ટરશિપ પ્રોગ્રામ્સઃ અનુભવી ઉદ્યોગપતિઓ અને મેન્ટર્સ નવા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપે છે. કોવર્કિંગ સ્પેસઃ અમદાવાદમાં ઘણા કોવર્કિંગ સ્પેસ છે જ્યાં સ્ટાર્ટઅપ્સ કામ કરી શકે છે. આ બધા કારણોને કારણે અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી વિકસી રહી છે અને આગામી દિવસોમાં તે વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે. ૧. એડટેકઃ શું છે એડટેકઃ એડટેક એ શિક્ષણ અને ટેકનોલોજીનો સંયોજન છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ શિક્ષણને વધુ અસરકારક, રસપ્રદ અને સુલભ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. અમદાવાદમાં એડટેકઃ અમદાવાદમાં ઘણા એડટેક સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ, એડ્યુટેનમેન્ટ એપ્સ, અને કસ્ટમાઈઝ્ડ લર્નિંગ સોલ્યુશન્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. આ સ્ટાર્ટઅપ્સ વિદ્યાર્થીઓને તેમની પોતાની ગતિએ અને રીતે શીખવામાં મદદ કરે છે. ઉદાહરણોઃ અમદાવાદમાં ઘણા એડટેક સ્ટાર્ટઅપ્સ છે જે વિવિધ શિક્ષણ ક્ષેત્રોમાં કામ કરે છે, જેમ કે કોડિંગ શીખવવા, ભાષા શીખવવા, અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવી. ૨. માર્કેટિંગ અને સેલ્સઃ શું છે માર્કેટિંગ અને સેલ્સઃ આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ વ્યવસાયોને તેમના ઉત્પાદનો અને સેવાઓનું વેચાણ કરવામાં મદદ કરે છે. તેઓ ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા માર્કેટિંગ, અને ઈમેઈલ માર્કેટિંગ જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં માર્કેટિંગ અને સેલ્સઃ અમદાવાદમાં ઘણા માર્કેટિંગ અને સેલ્સ સ્ટાર્ટઅપ્સ છે જે નાના અને મધ્યમ કદના વ્યવસાયોને ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં તેમની પહોંચ વધારવામાં મદદ કરે છે. ઉદાહરણોઃ અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે વેબસાઈટ ડિઝાઈન, સોશિયલ મીડિયા મેનેજમેન્ટ, અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન જેવી સેવાઓ પૂરી પાડે છે. ૩. ઈ-કોમર્સ અને રિટેલઃ શું છે ઈ-કોમર્સ અને રિટેલઃ આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ઓનલાઈન ખરીદી અને વેચાણના પ્લેટફોર્મ બનાવે છે. અમદાવાદમાં ઈ-કોમર્સ અને રિટેલઃ અમદાવાદમાં ઘણા ઈ-કોમર્સ સ્ટાર્ટઅપ્સ છે જે વિવિધ પ્રકારના ઉત્પાદનોનું વેચાણ કરે છે, જેમ કે ફેશન, ઈલેક્ટ્રોનિક્સ, અને ગ્રોસરી. ઉદાહરણોઃ અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે સ્થાનિક ઉત્પાદકોને ઓનલાઈન માર્કેટપ્લેસ પ્રદાન કરે છે. ૪. ફિનટેકઃ શું છે ફિનટેકઃ ફિનટેક એ નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ડિજિટલ પેમેન્ટ, લોન, અને વીમા જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં ફિનટેકઃ અમદાવાદમાં ઘણા ફિનટેક સ્ટાર્ટઅપ્સ છે જે નાના વ્યવસાયો અને વ્યક્તિઓને નાણાકીય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવે છે. ઉદાહરણોઃ અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ડિજિટલ વૉલેટ અને પેમેન્ટ ગેટવે જેવી સેવાઓ પૂરી પાડે છે. ૫. હેલ્થટેકઃ શું છે હેલ્થટેકઃ હેલ્થટેક એ આરોગ્ય ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ટેલિમેડિસિન, ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ, અને હેલ્થ એનાલિટિક્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં હેલ્થટેકઃ અમદાવાદમાં ઘણા હેલ્થટેક સ્ટાર્ટઅપ્સ છે જે લોકોને તેમના સ્વાસ્થ્યની વધુ સારી રીતે કાળજી લેવામાં મદદ કરે છે. ઉદાહરણોઃ અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઈન કન્સલ્ટેશન અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. આ માત્ર કેટલાક ઉદાહરણો છે. અમદાવાદમાં હજુ ઘણા બધા નવા અને નવીન વિચારો સાથેના સ્ટાર્ટઅપ્સ ઉભરી રહ્યા છે.

## તંત્રી લેખ...

# RSSના નેતાઓ અને શંકરાચાર્યો સાથે યાસીન મલિકે કરી હતી મુલાકાત

તાજેતરમાં, દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરાયેલા એક સોગંદનામામાં, દિલ્હીની તિહાડ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા JKLF(જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રન્ટ)ના પ્રમુખ અને આતંકવાદી યાસીન મલિકે ઘણા ચોંકાવનારા દાવા કર્યા છે. ૨૫ ઑગસ્ટના રોજ દાખલ કરાયેલા આ સોગંદનામામાં, મલિકે રાજકીય, ધાર્મિક અને સુરક્ષા એજન્સીઓ સાથેના પોતાના સંબંધોની વિગતો આપી છે.

મલિકે કહ્યું છે કે, દેશના અનેક ભૂતપૂર્વ વડાપ્રધાનો, કેન્દ્રીય મંત્રીઓ, વિદેશી રાજદ્વારીઓ અને ગુપ્તચર એજન્સીઓના અધિકારીઓએ વર્ષો સુધી મારી સાથે વાતચીત કરી હતી. તેણે એવો પણ દાવો કર્યો કે બે જુદા જુદા મઠના શંકરાચાર્ય ઘણી વાર મારા શ્રીનગરના ઘરે આવ્યા હતા અને હું તેમની સાથે જાહેરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પણ જોવા મળ્યો હતો.

મલિકનો દાવો છે કે ૨૦૧૧માં તેણે દિલ્હીના ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના નેતાઓ સાથે લગભગ પાંચ કલાક લાંબી બેઠક કરી હતી. આ બેઠક સેન્ટર ફોર ડાયલોગ એન્ડ રિકોન્સિલિએશન નામના થિંક ટેન્કની મદદથી થઈ હતી. તેણે કહ્યું, એ વિચારવા જેવી વાત છે કે આટલા ગંભીર આરોપોવાળા વ્યક્તિથી અંતર રાખવાને બદલે, સમાજના પ્રભાવશાળી લોકો તેની સાથે ખુલ્લેઆમ વાતચીત કરતા રહ્યા. યાસીન મલિકે દાવો કર્યો છે કે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા ૨૦૦૦-૦૧માં જાહેર થયેલા રમઝાન યુદ્ધવિરામમાં તેની મહત્ત્વની ભૂમિકા હતી. મલિકના સોગંદનામા મુજબ, દિલ્હીમાં તેની મુલાકાત અજિત ડોભાલ સાથે થઈ હતી, જેમણે તેને તત્કાલીન ઈન્ટેલિજન્સ બ્યુરોના વડા શ્યામલ દત્તા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બ્રજેશ મિશ્રા સાથે પરિચય કરાવ્યો. મલિકનો દાવો છે કે, વાજપેયીના નજીકના આર. કે. મિશ્રાએ મને પોતાના ઘરે બોલાવીને બ્રજેશ મિશ્રા સાથે નાસ્તા પર મુલાકાત કરાવી. આ મુલાકાત બાદ, તેણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(PoK)માં રહેલા JKLFના નેતાઓ અને યુનાઈટેડ જેહાદ કાઉન્સિલના પ્રમુખ સૈયદ સલાઉદ્દીનનો સંપર્ક કર્યો. મલિકના પ્રયાસોના પરિણામે, હુર્રિયત નેતાઓ જેવા કે અલી શાહ ગિલાની, મીરવાઈઝ ઉમર ફારૂક અને અબ્દુલ ગની લોને યુદ્ધવિરામના સમર્થનમાં એક સંયુક્ત નિવેદન આપ્યું હતું.

યાસીન મલિકે એ પણ કહ્યું કે, વાજપેયી અને તત્કાલીન ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણી તેના પ્રયાસોના પક્ષમાં હતા અને આ દરમિયાન તેને પહેલીવાર પાસપોર્ટ મળ્યો. ૨૦૦૧માં જારી થયેલા આ પાસપોર્ટથી તે અમેરિકા, બ્રિટન, સાઉદી અરબ અને પાકિસ્તાન ગયો અને ત્યાં કાશ્મીર મુદ્દા પર વાતચીતના નામે અહિંસક લોકતાંત્રિક સંઘર્ષની હિમાયત કરી.

## ઝાલોદ પોલિસ સ્ટેશનમા ફરજ નિભાવતા રાહુલસિંહ સોલંકીનુ ટ્રાન્સફર થતાં તેમનું વિદાય સમારંભ ડી.વાય.એસ.પી દ્વારા યોજવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલના ડ્રાઈવર તરીકે પોલિસ સ્ટેશનમા ફરજ નિભાવતા રાહુલસિંહ મહેન્દ્રસિંહ સોલંકી દ્વારા સ્વેચ્છીક રીતે પોતાના વતનમા ટ્રાન્સફરની માંગણી કરેલ હતી. તે અનુસંધાને પોલિસ વિભાગ દ્વારા તેઓની ટ્રાન્સફર મહીસાગર જિલ્લામાં કરવામાં આવેલ છે. રાહુલસિંહની પ્રથમ ભરતી પોલિસ ખાતામાં દાહોદ જિલ્લામાં ૦૨-૦૮-૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ હતી. તેઓએ તેમની નોકરી દરમ્યાન દાહોદ જિલ્લાના દાહોદ, ફતેપુરા તેમજ ઝાલોદ ખાતે ફરજ નિભાવેલ છે. છેલ્લા ચૌદ વર્ષની દાહોદ જિલ્લામાં ફરજ દરમ્યાન ઝાલોદ ખાતે તેઓએ છ વર્ષ થી ફરજ નિભાવી રહેલ છે જેમાં છેલ્લા ત્રણ વર્ષથી તેઓ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલના ડ્રાઈવર તરીકે ફરજ નિભાવી રહેલ છે. ડ્રાઈવરની ફરજ દરમ્યાન પોલિસ સ્ટાફમાં તેઓ પાયલોટના હુલામણા નામથી તેઓની ઓળખ થવા લાગી હતી. આજે જ્યારે તેઓને પોતાના વતનમાં સ્વેચ્છાએ ટ્રાન્સફર મળેલ છે ત્યારે ઝાલોદ પોલીસ દ્વારા તેઓનું વિદાય સમારંભ યોજવામાં આવ્યું હતું. આ વિદાય સમારંભમા ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા તેઓનું સન્માન આદિવાસી સંસ્કૃતિ મુજબ તીરકામઠા , આદિવાસી બંડી તેમજ ભોંયરુ પહેરાવી કરવામાં આવેલ હતું આજના વિદાય સમારંભ પ્રસંગે સંજેલી, ફતેપુરા, સુખસર, ઝાલોદ તેમજ ઝાલોદના પી.આઈ રવિ ગામીત અને પીએસઆઈ સી.કે.સીસોદીયા હાજર રહેલ તેમજ ડી.વાય.એસ.પી કચેરીનો સ્ટાફ, તેમના પરિવારજનો અને પોલિસ પરિવાર હાજર રહેલ હતા. પાયલોટના નામથી હુલામણા નામથી જાણીતા એવા રાહુલભાઈએ કહ્યું કે અમારે જે સમય મુજબ જે તે સ્થળે પહોંચવાનું હોય તેને અનુલક્ષી સમય કરતા વહેલા સલામત રીતે પહોંચીયે તે રીતે વાહન ચલાવતા તેમજ ઝાલોદ પોલિસ પરિવાર મિત્રોનો ખૂબ પ્રેમ અને સહકાર મળેલ હતો તે માટે સહુનો આભાર માન્યો હતો. ઉપસ્થિત સહુ પોલિસ સ્ટાફ દ્વારા તેઓના સારા ભવિષ્ય સાથે પરિવાર સાથે રહી સારું જીવન જીવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### સાંજે રોગમુક્તિ કે અવસ્થાના બંધનોની મુક્તિ માટેની પ્રાર્થના થાય છે

# ૫૧ શક્તિપીઠમાં અંબાજીનું નામ બહુ આદરથી લેવાય છે, કારણકે ત્યાં સતીનું હૃદય પડ્યું હતું



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે આજે અંબાજી મંદિરની વાત કરીશું, જે ૫૧ શક્તિપીઠોમાં પ્રધાન શક્તિપીઠ માં આવે છે.જેને આપણે મા ગબ્બરવાળી, અથવા તો મા આરાસુરી અંબિકા પણ કહીએ છીએ. આ જગ્યાએ ગબ્બરનો ગોખ પણ છે, જ્યાં મૂળ સ્વરૂપે માતા બીરાજમાન હતાં, અને ત્યાં આજે પણ અખંડ જ્યોત રૂપે માતાનું સ્વરૂપ છે.**

આજે આસો સુદ એકમ, એટલે કે આસો નવરાત્રીનો પ્રારંભ થઈ ચૂક્યો છે, અને ઘરે-ઘરે માતાજીનાં સ્થાપન થશે, ગરબા મુકાશે, અને દિવ્ય જ્યોત પ્રગટાવી, દિવ્યતાનો પ્રકાશ પથરાશે, હિન્દુ સંસ્કૃતિમાં આખા વર્ષ દરમિયાન ચાર નવરાત્રિનો ઉલ્લેખ જોવા મળે છે. સર્વપ્રથમ મહા મહિનાની નવરાત્રી, પછી ચૈત્ર નવરાત્ર, અષાઢ નવરાત્રી, અને આસો નવરાત્રી, એમાં ચૈત્ર નવરાત્ર અને આસો નવરાત્રી ને મોટી નવરાત્રી કહેવામાં આવે છે, અને તેનું વિશેષ મહત્ત્વ પણ છે. ચૈત્રમાં સૃષ્ટિનું નવસર્જન થાય છે, અને ફૂલ છોડ વૃક્ષ પર નવા નવા પર્ણો તથા ફળ ફૂલ ખીલે છે. આસો નવરાત્રી એ બીજી મોટી નવરાત્રી છે, આ નવરાત્રી શરદ ઋતુમાં આવે છે. વર્ષા ઋતુનો અંતિમ ભાગ વાતાવરણમાં થોડી ઠંડક, થોડો ભેજ, અને ભાદરવાના તડકાથી તપ્ત હદયને આસો નવરાત્રીની આ ભક્તિથી ઠારવામાં આવે છે. આજે ઋતુ ગમે તે હોય પણ લગભગ બધાની જીંદગી તો તપતી જ હોય છે, એટલે આપણે ગુજરાતનાં મુખ્ય નવ મંદિરો અને તેના સ્વરૂપ વિશે "આવો દર્શન કરીએ" માં તેની વાત કરીશું.

ભારતમાં કુલ ૫૧ શક્તિપીઠો છે અને તે દરેકમાં માતાજીનું અનન્ય સ્વરૂપ બીરાજમાન છે. અને દરેકનો ઈતિહાસ અને સ્થાનકનું મહત્વ પણ અલગ અલગ છે.

નવદુર્ગા ના નવ સ્વરૂપની વાત કરીએ તો પ્રથમ શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી, અને સિદ્ધિદાત્રી. આ બધા જ સ્વરૂપની અલગ અલગ આરાધના પદ્ધતિ છે, અને તેની આરાધના કરવાથી, અલગ-અલગ ફળ પ્રાપ્તિ પણ થાય છે, એવી શાસ્રોકત વાત છે.આજે પ્રથમ દિવસે શૈલપુત્રી એટલે કે પર્વત પુત્રીનાં સ્વરૂપનું દર્શન કે આરાધના હોય છે.

આપણે આજે અંબાજી મંદિરની વાત કરીશું, જે ૫૧ શક્તિપીઠોમાં પ્રધાન શક્તિપીઠ માં આવે છે.જેને આપણે મા ગબ્બરવાળી, અથવા તો મા આરાસુરી અંબિકા પણ કહીએ છીએ. આ જગ્યાએ ગબ્બરનો ગોખ પણ છે, જ્યાં મૂળ સ્વરૂપે માતા બીરાજમાન હતાં, અને ત્યાં આજે પણ અખંડ જ્યોત રૂપે માતાનું સ્વરૂપ છે.

ગુજરાતની ઉત્તર દિશામાં રાજસ્થાનની સરહદ પાસે, અને અરવલ્લીના પહાડોની વચ્ચે આવેલું અંબાજી, ખૂબ જ મશહૂર યાત્રાધામ ગણાય છે.જે પાલનપુર થી ૬૫ કીલોમીટર, માઉન્ટ આબુ થી ૪૫ કીલોમીટર,અને આબુરોડ થી ૨૦કીલોમીટની દૂરી પર આવેલ છે. ઉપરાંત પુરાણોમાં લખ્યું છે કે અહીં અંબિકાવન હતું. અંબાજી એ સમુદ્ર સપાટીથી ૧૫૮૦ ફીટની ઉંચાઇ ઉપર અરવલ્લીના પહાડોની વચ્ચે વસેલું છે. અંબાજી મંદિરમાં કોઈ દેવીની મૂર્તિની પૂજા થતી નથી. પરંતુ વીસાયંત્રની પૂજા કરાય છે. આ યંત્ર માન્યતા અનુસાર શ્રીયંત્ર છે, જે ઉજ્જૈન તેમ જ નેપાળના શક્તિ પીઠોના મૂળ યંત્ર સાથે સંકળાયેલું હોવાનું, અને યંત્રમાં એકાવન અક્ષર હોવાનું પ્રમાણ છે. આ યંત્રની દર મહિનાની આઠમે પૂજા થાય છે. આ તીર્થક્ષેત્રમાં બારે માસ ખૂબ યાત્રીઓ દર્શન માટે આવતાં હોય છે. દર માસની પુનમે બહુ મોટી સંખ્યામાં ભાવિકો અહીં આવે છે, અને મંદિરના શિખર ઉપર ધજા ચઢાવે છે. ધાર્મિક રીતે અંબાજી ભારતની શક્તિપીઠમાં મહત્વનું સ્થાન ધરાવે છે. અહીં સરસ્વતી નદીનું ઉદગમસ્થાન અને મા જગત જનની આદ્યશક્તિનું પુરાણપ્રસિધ્ધ સ્થાન છે. અંબાજીથી બે કિલોમીટર દૂર ગબ્બરના પહાડ પર આવેલી ગુફામાં અંબામાતાનું આદિસ્થાન મનાય છે. અંબાજીમાં નવરાત્રિનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. મંદિરની નજીક આવેલ વિશાળ સ્થાપત્ય કલાનું બેનમૂન વર્ષો પુરાણું માન સરોવર આવેલું છે. જ્યાં કૃષ્ણ ભગવાનની ચૌલ ક્રિયા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત રામાયણમાં પણ ભગવાન રામ અને લક્ષ્મણ સીતાજીની શોધમાં નીકળ્યા હતા, ત્યારે મા આદ્યશક્તિ એ સાક્ષાત પ્રસન્ન થઈને, તેમને રાવણ ને મારવાનું બાણ આપ્યું હતું.અવતારોએ પણ જન્મ લીધો ત્યારે તેમણે મા જગજનનીની ઉપાસના કરી હતી. સ્વયં વિષ્ણુ ભગવાને પણ જગત જનનીની સ્તુતિ પૂજા આરાધના વગેરે કર્યું હતું, સૃષ્ટિનું સર્જન કર્તા પણ જગત જનનીને ચરણે ગયા હતા. આ ઉપરાંત અહીં માતાજીના ચાર સ્વરૂપની રોજ પૂજા આરાધના થાય છે, સવારે બાળા સ્વરૂપની, બપોરે યુવાન એટલે નવયૌવના યુવતી સ્વરૂપ સાંજ પડે પ્રૌઢા ને રાત્રે વૃદ્ધા સ્વરૂપની આરાધના કે પૂજા થાય છે. કહેવાય છે કે મનવાંછિત ફળ પ્રાપ્ત કરવા માટે એટલે કે બાળકની ઈચ્છા ધરાવનારે સવારના ભાગમાં, અહીં પૂજા-આરાધના કે દર્શનનો મહિમા છે. લગ્ન માટે યુવાનો અને યુવતીઓ બપોરના સમયે આવી અને દર્શન વગેરે કરે છે, સાંજે રોગમુક્તિ કે અવસ્થાના બંધનોની મુક્તિ માટેની પ્રાર્થના થાય છે, જ્યારે વૃધ્ધા અવસ્થામાં શરીરના અંતિમ તબક્કામાં શાંતિ અને આનંદની પ્રાપ્તિ માટે પૂજા કરવામાં આવે છે. આ તો એક વાત છે બાકી જગતજનની તો જ્યારે દર્શન કરીએ, ત્યારે પવિત્ર અને પુનિત ભાવના આશિષ આપનારી જ સદા દિસે છે. દંતકથા અનુસાર દક્ષ યજ્ઞમાં પોતાના પતિનું અપમાન સહન ન કરી શકનાર સતી, યજ્ઞકુંડમાં પોતાની જાતને સ્વાહા કરી દે છે, અને વીરભદ્ર વગેરે ગણો દક્ષના મસ્તકનો છેદ કરે છે,પછી તેના ધડ પર બકરાનું માથું મૂકી, તેને સજીવન કરવામાં આવે છે, અને તે ભગવાન શંકરની માફી માંગે છે. ભગવાન શંકર પોતાની પત્ની સતીનું અડધું બળી ગયેલું શરીર લઈ અને ગુસ્સામાં અહીંથી તહીં ભટકે છે, અને સમગ્ર સૃષ્ટિના નાશની ભીતિથી ભગવાન વિષ્ણુનું સુદર્શન ચક્ર વડે, સતીના દેહના કટકા કરતા જાય છે, અને આ આખા શરીરના ૫૧ કટકા થાય છે. જે જુદી જુદી જગ્યાએ પડે છે અને ત્યાં ભગવાન શંકર સતી સાથે સાક્ષાત મૂર્તિ સ્વરૂપે બિરાજે છે, તેથી તેને શક્તિપીઠ કહેવામાં આવે છે. અરવલ્લીની પર્વતમાળામાં જ્યાં આજે અંબાજીનું મંદિર છે, તે જગ્યાએ માતા સતીના હૃદયનો ભાગ પડ્યો હતો, એવી એક દંતકથા છે, અને આ સ્થળ એટલે પ્રધાન શક્તિપીઠમાં ગણવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ, કે માતા સતી દક્ષયજ્ઞમાં સમાઈ ગયા. ત્યારબાદ તેમનો બીજો જન્મ હિમાચલના ઘરે તેમની પુત્રી તરીકે થયો, અને ત્યાં તેમનું નામ પાર્વતી રાખવામાં આવ્યું, આથી શૈલપુત્રી એટલે કે પર્વતની પુત્રી પાર્વતી એ નવદુર્ગાનું પ્રથમ સ્વરૂપ છે. જે સ્વભાવે શાંત અને સહનશીલ છે, તથા શંકર પ્રિયા તરીકે ફરીથી તેમની સાથે વિવાહ કરે છે. મા જગત જનનીની આરાધના કરવા માટે આપણને વર્ષમાં ચારવાર નવ નવ દિવસ અને રાત્રી મળે છે, તો આપણે સૌએ આ સમયનો સદુપયોગ કરી, માતાને આરાધી લઈએ તેમજ જીવનની બધી જ સમસ્યાઓ તેને ચરણે મૂકી, અને તેજ જીવાડે તેમ જીવવું તેવો સંકલ્પ કરીને નિશ્ચિંત બનીએ. છોરુ કછોરુ થાય પણ માતા કુમાતા કદી ન થાય, એવી આપણે ત્યાં એક પ્રચલિત કહેવત છે. એટલે આપણા આજ સુધીના તમામ કર્મોને માફ કરીને પણ તે આપણી સદા રક્ષા કરતી આવી છે, અને આગળ પણ કરશે એ ભરોસા સાથે આપણે સૌ આ નવરાત્રીમાં તેની આરાધના કરીએ, અને સાંપ્રત સમયમાં આપણા સૌનો એક જ દુશ્મન છે, અને તે છે આપણો અહંકાર પ્રેરિત સ્વભાવ તો આપણે સૌ એક થઈને માતાને ચરણે પ્રાર્થના કરી તેને ભગાડી શકીએ તો પણ ઘણું. જય અંબે.

### ૨૮/૦૯/૨૦૨૫, રવિ સપ્તમી નવરાત્રી (છઠ્ઠ) ૨૯/૯/૨૦૨૫, સોમ અષ્ટમી નવરાત્રી (સાતમ)

# યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**નવરાત્રિ આસો સુદ એકમ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ શરૂ થશે અને ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૦૩.૦૮વાગ્યે સમાપ્ત થશે. આવી સ્થિતિમાં,આ શારદીય નવરાત્રિ પર માતા દુર્ગાના આશીર્વાદ મેળવવા માટે, કળશ સ્થાપિત કરવાનો શુભ સમય ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૦૯:૧૧ થી ૭:૫૧ સુધીનો રહેશે. આ સિવાય આ દિવસે અભિજિત મુહૂર્તમાં બપોરે ૧૨:૦૬ થી ૧૨:૫૪ સુધી કળશ સ્થાપિત કરી શકાય છે.**

એકવીસમી સપ્ટેમ્બર રવિવારે ભાદરવા વદ અમાસ એટલે સર્વપિતૃ અમાસ શ્રાદ્ધ પક્ષની પુર્ણાહુતિ અને શરદીય નવરાત્રી આજે એટલે કે બાવીસમી સપ્ટેમ્બર ૨૦૨૫ સોમવારથી શરૂ થશે નવરાત્રી, જાણો ક્યારે કળશ સ્થાપનાનું શુભ મુહૂર્ત નવરાત્રીમાં ઘટસ્થાપના અથવા કળશ સ્થાપનાનું ખાસ મહત્વ હોય છે. જે નવરાત્રીના પહેલા દિવસે કરવામાં આવે છે

શારદીય નવરાત્રી ૨૦૨૫

તા.૨૨/૦૯/૨૦૨૫,સોમ પ્રથમ નવરાત્રી એકમ) તા.૨૩/૦૯/૨૫, મંગળ દ્વિતિયા નવરાત્રી (બીજ) ૨૪/૦૯/૨૦૨૫, બુધ તૃતીયા નવરાત્રી (ત્રીજ) તા.૨૫/૦૯/૨૫, ગુરુ (ત્રીજ) ચતુર્થી નવરાત્રી

૨૬/૦૯/૨૦૨૫, શુક્ર પંચમી નવરાત્રી (ચોથ) ૨૭/૦૯/૨૦૨૫, શિનપષ્ટિ નવરાત્રી (પાંચમ)

૨૮/૦૯/૨૦૨૫, રવિ સપ્તમી નવરાત્રી (છઠ્ઠ) ૨૯/૯/૨૦૨૫, સોમ અષ્ટમી નવરાત્રી(સાતમ)

૩૦/૦૯/૨૦૨૫, મંગળ નવમી નવરાત્રી બુધ દશમી (આઠમ) ૦૧/૧૦/૨૦૨૫ મંગળ નવમી નવરાત્રી બુધ દશમી (નોમ)

દશેરા ઘટસ્થાપન. મુહૂર્ત:૦૨/૧૦/૨૫ બુધ સવારે ૬-૨૦ થી -૧૯ અભિજીત મુહૂર્ત: બપોરે ૧૨-૦૬ થી ૧૨-૫૪ વાગ્યા સુધી

નવરાત્રી એટલે માં શક્તિના નવ દિવસ આરાધના અને પૂજા કરવાના દિવસો., નવ દિવસ સુધી ચાલતા આ તહેવારમાં માઁ દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીમાં ઘટસ્થાપના અથવા કળશ સ્થાપનાનું ખાસ મહત્વ હોય છે. જે નવરાત્રીના પહેલા દિવસે કરવામાં આવે છે. આ વર્ષે શારદિય નવરાત્ર બાવીસમી સપ્ટેમ્બરે શરૂ થશે અને નવરાત્રી પહેલી ઓક્ટોબરે સંપન્ન થશે.બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિ, વિજયાદશમી એટલે કે દશેરાનો તહેવાર મનાવવામાં આવશે... ઘટ સ્થાપના માટેનો શુભ સમય :-★

નવરાત્રિ આસો સુદ એકમ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ શરૂ થશે અને ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૦૩.૦૮વાગ્યે સમાપ્ત થશે. આવી સ્થિતિમાં,આ શારદીય નવરાત્રિ પર માતા દુર્ગાના આશીર્વાદ મેળવવા માટે, કળશ સ્થાપિત કરવાનો શુભ સમય ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૦૯:૧૧ થી ૭:૫૧ સુધીનો રહેશે. આ સિવાય આ દિવસે અભિજિત મુહૂર્તમાં બપોરે ૧૨:૦૬ થી ૧૨:૫૪ સુધી કળશ સ્થાપિત કરી શકાય છે.

શારદીય નવરાત્રી ૨૦૨૫, ઘટ સ્થાપન મુહૂર્ત:સવારે ૦૬:૧૧ થી ૦૭:૫૧, સમયગાળો એક કલાક ચાલીસ મિનિટ,કળશ સ્થાપના પૂજા વિધિ :નવરાત્રિ પર તમામ પ્રકારના શુભકાર્ય કરી શકાય છે.માં દુર્ગા આ દિવસે ભક્તોના ઘરે આવે છે, તેથી શારદીય નવરાત્રિના પહેલા દિવસે ઘરના મુખ્ય દરવાજાની બંને બાજુ સાથિયો બનાવો અને દરવાજા પર આંબા અને આસોપાલવના પાનનું તોરણ લગાવો. નવરાત્રિમાં માતાની મૂર્તિને લાકડાના ચોક કે આસન પર સ્થાપિત કરવી જોઈએ. જ્યાં મૂર્તિ કે ફોટો સ્થાપિત હોય ત્યાં સૌથી પહેલા સાથિયાનું ચિન્હ બનાવો.ત્યારબાદ કંકુ- ચોખા નો ચાંદલો અને પછી ત્યાં માતાની મૂર્તિની સ્થાપના કરો. ત્યારપછી માતાજીની વિધિ- વિધાન સાથે પૂજા કરો.

કળશ સ્થાપન માટે જરૂરી સામગ્રી કળશ સ્થાપના માટે ઘણી સામગ્રીની જરૂર પડે છે. જેમાં સાત પ્રકારના અનાજ,એક માટીનું વાસણ,પવિત્ર સ્થાનપરથી લાવવામાં આવેલી માટી, કળશ, ગંગાજળ,આસોપાલવના પાન,સોપારી,નારિયેળ,અક્ષત,

લાલ કાપડ અને ફૂલની જરૂર પડે છે. માઁ દુર્ગાની પૂજા માટેની સામગ્રીમાં દુર્ગાનો ફોટો કે મૂર્તિ, સિંદૂર, કેસર,કપુર,ધૂપ, વસ્ત્ર, અરીસો,દાંતિયો,કંગન- ભંગી, સુગંધિત તેલ,ચોકી,ચોકી માટે લાલ કાપડ,નારિયેળ, દુર્ગા સપ્તશતી પુસ્તક,કેરીના પાનનું તોરણ, ફુલ,મહેદી,ચાંદલો,સોપારી, આખી હળદર અને હળદરનો પાઉડર,આસન,પાંચ મેવા,ઘી, લોબાન,ગુગળ,લવિંગ,કમળ, સોપારી,કપૂર,હવનકુંડ,ચોકી, મોલી,ફુલહાર,બિલ્લીપત્ર,દિવો, અગરબત્તી,નૈવેદ્ય,મધ,ખાંડ, જાયફળ, લાલ રંગની બંગડીઓ, કળશ, ચોખા,કંકુથી તેલ,પાન, લાલ રંગની ધ્વજા,એલચી, મિશ્રથી,ફળ અથવા મિઠાઈ,દુર્ગા ચાલીસા અને હવન માટે કેરીની લાકડી ઓની જરૂર રહે છે.

વાચક મિત્રો આસો માસની

પ્રતિપદા એકમથી નૌમ સુધીના નવ દિવસ નોરતાં.આ વખતે બે ત્રીજ હોવાથી આ દશ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત,ઘટ સ્થાપન તથા પૂજન વગેરે કરે છે હિંદુઓ નવ રાત્રને પહેલે દિવસે ઘટ સ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન દશ દિવસ સુધી ચાલે છે. દશમા દિવસે ભગવતીનું વિસર્જન થાય છે. કેટલાક લોકો નવરાત્રમાં વ્રત પણ કરે છે.ઘટ સ્થાપન કરનારા આઠમ કે નોમને દિવસે કુમારીકાઓને ભોજન પણ કરાવે છે.આ ભોજનમાં બેથી દશ વર્ષની ઉંમરની નવ કુમારિકાઓ હોય છે.આ કુમારી ઓનાં કલ્પિત નામ પણ છે,જેમ કે,કુમારિકા,ત્રિભુતિ, કલ્યાણી, રોહિણી,કાલી,પંડિસ, સાળવી, દુર્ગા અને સુભદ્રા. નવરાત્રમાં નવ દુર્ગામાંથી નિત્ય ક્રમવાર એક- એક દુર્ગાનું દર્શન કરવાનું પણ વિધાન છે. આપણે નવ દુર્ગાના સ્વરૂપ જોઈએ તો.(૧) શૈલપુત્રી :- મો દુર્ગાનું આ પહેલું સ્વરૂપ છે.હિમાલયમાં જન્મ લેવાથી તેમને શૈલપુત્રી કહે છે. તેમનું વાહન વૃષભ છે જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથ માં કમળ ધારણ કર્યુ છે.તેની શક્તિ અનંત અને અપાર છે. નવ રાત્રિના પહેલા દિવસે આ માતાની ઉપાસના કરવામાં આવે છે.

(૨) બ્રહ્મચારિણી : બીજા દિવસે એટલે કે સત્યાવીસમી તારીખે મૌ દુર્ગા ભવાનીના બ્રહ્મચારિણી સ્વરૂપ કે જેમના જમણાં હાથમાં માળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કર્યુ છે તેની પૂજા થાય છે.તેની ઉપાસના થી વિજય,ત્યાગ, વૈરાગ્ય તથા સંયમની વૃદ્ધિ થાય છે.

(૩) ચંદ્રઘંટા :- ત્રીજે દિવસે ચંદ્રઘંટા સ્વરૂપનું પુજન થાય છે. તેનું વાહન સિંહ છે.આને દશ ભુજાઓ છે.મસ્તક ઉપર અર્ધ ચંદ્ર છે.આની ઉપાસનાથી વિપત્તિઓ નાશ પામે છે. અને નિર્ભષ તથા પરાક્રમી બનાવે છે. જીવનમાં થયું હતું. સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે.બે ત્રીજ છે.

(૪) કુષ્માંડા :- આ જ માતાજી,સૃષ્ટિની આધશક્તિ સ્વરૂપ છે.તેનું વાહન પણ સિંહ છે. આની ભક્તિથી આરોગ્યની વૃદ્ધિ થાય છે.તેને આઠભુજાઓ છે. તેના હાથમાં ચક્ર,ગદા, અમૃતકળશ, કમળનું ફૂલ, સિદ્ધિ પ્રદાન કરનારી માળા


(૫) સ્કન્દ માતા :- સ્કન્દ માતાને ચાર ભુજાઓ હાથ છે તેના પૂજનથી સમસ્ત ઈચ્છાઓ ની પૂર્તિ થાય છે.પાંચમે દિવસે આની પૂજા થાય છે.

(૬) કાત્યાયની :- આ કાત્યાયનીમાંનું છઠ્ઠું સ્વરૂપ છે. મહર્ષિ કત્યાયને સર્વપ્રથમ તેની ઉપાસના કરી હોવાથી તેનું નામ કાત્યાયની પડ્યું હતું,તેનું વાહન પણ સિંહ છે. અને તેને ચારભુજા ઓ છે.તેની પૂજાથી ધર્મ,અર્થ, કામ અને મોક્ષ ની પ્રાપ્તિ થાય છે

(૭) કાળરાત્રિ :- કાળરાત્રિ માનું સાતમું પ્રચલિત સ્વરૂપ છે તેનું સ્વરૂપ ભયાનક છે.તે ભક્તોને ડરાવતી નથી પરંતુ દુષ્ટોનો, પાપીઓનો વિનાશ કરે છે. તેનું સ્વરૂપ કાળારંગનું-વિખારાયેલ વાળો, ગળામાં ભવ્ય માળાઓ વાળું છે. ડાબી બાજુના હાથમાં લોખંડની કટાર છે. ચેન હાથમાં તલવાર છે.ત્રિનેત્રધારી છે.દાનવ, દૈત્યો,ભૂત,પ્રેત વગેરે તેમના સ્મરણ માત્રથી ભાગી જાય છે. દૈત્ય રાક્ષસો સામેના ક્રોધથી તેની જીભ પણ લાલ થઈ જાય છે. તેનો ક્રોધ શાંત કરવા માટે ભગવાન શંકર નીચે પડી ગયા અને તેના પર પગમુકવાથી તેનો ક્રોધ અને ક્યાયમાન સ્વરૂપ શાંત

(૮) મહાગૌરી: મા દુર્ગાનું આ 'મહાગૌરી આઠમું સ્વરૂપ છે. તેના વસ્ત્રો અને આભુષણ શ્વેત છે. વૃષભ ઉપર સવાર થયેલીમાં મહાગૌરી અત્યંત શાંત. પાપનાશ ને કરનારી છે.તેની કઠોર તપશ્ચર્યા થી તેનો રંગકાળો થઈ ગયો હતો પરંતુ શિવજીએ તેમના ઉપર પવિત્ર જળ છાંટ્યું હતું. જેથી તે ગૌરવર્ણવાળા અને કાંતિ વાન બની ગયા હતા જેથી તેને મહા ગૌરી કહે છેતેની કૃપાથીઅલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

(૯) સિદ્ધિદાત્રિ :-" આ માં દુર્ગાનું એ સિદ્ધિદાત્રિ નવમું સ્વરૂપ છે. તેને ચાર ભુજાઓ છે તેનું વાહન સિંહ છે તેની સાધના કરવાથી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.મો દુર્ગાના આ નવ સ્વરૂપની આસ્થા થી સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા સંપત્તિની પ્રાપ્તિ થાય છે.નવરાત્રિ આ રીતે શક્તિ પુજાનું મહાન પર્વ મનાય છે વાચક મિત્રો નવલાં નોરતાંની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે. આજે સવારે ઘટસ્થાપન પછી રાત્રે ગરબાની રમઝટ થનગનાટ તો અનોખોજ રહેવાનો,મા શક્તિ ની આરાધના ઉપાસના કરતા ગરબી ગરબા થકી આનંદ માણે તેવી શુભેચ્છા.. સહ.



જેવી મેડોકની 'થામા' પુરી કરશે તરત તે સૂરજ બરજાત્યાની પ્રેમભરી દુનિયામાં પ્રવેશ કરશે

# આયુષ્યમાન ખુરાના નવેમ્બરમાં બરજાત્યાની ફિલ્મનું કામ શરૂ કરશે

**આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫માં શરૂ થશે...**

આ વર્ષની શરૂઆતમાં એવા અહેવાલો હતા કે સૂરજ બરજાત્યાનો નવો પ્રેમ હવે આયુષ્યમાન ખુરાના હશે. હવે સૂરજ બરજાત્યાની આગામી ફિલ્મમાં તે લીડ રોલમાં જોવા મળશે. આ રોમેન્ટિક ફિલ્મમાં શર્વરી વાઘ પણ લીડ રોલમાં હશે. હવે એવા અહેવાલ છે કે સૂરજ બરજાત્યાની આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫માં શરૂ થશે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આયુષ્યમાન જેવી મેડોકની 'થામા' પુરી કરશે કે તરત તે સૂરજ બરજાત્યાની પ્રેમભરી દુનિયામાં પ્રવેશ કરશે. સુત્રએ જણાવ્યું, ''આયુષ્યમાન પ્રેમનો રોલ કરવા માટે ખુબ ઉત્સુક છે અને સૂરજ બરજાત્યાની ફિલ્મનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરશે.''આ સુત્રએ આગળ એવું પણ કહ્યું કે આ ફિલ્મનું શૂટિંગ લગબગ છ મહિના સુધી ચાલશે અને ૨૦૨૬ના પાછળના ભાગમાં આ ફિલ્મ રિલીઝ થઈ શકે છે. સામાન્ય રીતે બરજાત્યાની ફિલ્મ મોટા પરીવારો સાથે વિશાળ સ્ટારકાસ્ટ અને સંગીત આધારીત ફિલ્મ હોય છે, પરંતુ આ ફિલ્મ અંગે સુત્રના જણાવ્યા અનુસાર, ''સૂરજ બરજાત્યાની આ ફિલ્મ એક રમુજી અને રોમેન્ટિક ફિલ્મ બનાવવા માગે છે, જેમાં એક ન્યુકિલયર ફેમિલીની વાત છે. ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ ચૂકી છે અને તેઓ હવે અન્ય કલાકારોનું કાસ્ટિંગ કરી રહ્યા છે. આ ફિલ્મમાં પણ કેટલાંક પીઢ અને અનુભવી કલાકારો હશે, હાલ કાસ્ટિંગ ચાલી રહ્યું છે.''હજુ આ ફિલ્મનું નામ જાહેર થયું નથી, 'મેને પ્યાર કિયા', 'હમ આપકે હે કૌન', 'હમ સાથ સાથ હૈ', 'મૈ પ્રેમ કી દિવાની હું', 'વિવાહ', 'પ્રેમ રતન ધન પાયો' અને 'ઊંચાઈ' પછી બરજાત્યાની આ આઠમી ફિલ્મ હશે. આયુષ્યમાન ખુરાના આ ફિલ્મમાં કાસ્ટ થઈ ચૂક્યો છે. આયુષ્યમાન ખુરાના દિનેશ વિજાનની 'થામા'નો પણ હિસ્સો છે અને કરણ જોહર એક સ્વાપ કોમેડી પ્રોડ્યુસ કરે છે, તેમાં પણ આયુષ્યમાન છે. સાથે તે યશરાજ ફિલ્મ્સ સાથે પણ 'પોશમ પા'માં કામ કરી રહ્યો છે.

### હવે નવાઝુદ્દીન સિદ્દીકી ઓટીટીથી નિરાશ

# શરૂઆત પેશનથી થાય છે-પછી ધંધો બની જાય છે : નવાઝુદ્દીન



જ્યારે ભારતમાં ઓટીટી નવું હતું અને લગભગ બધી જ વૅબ સિરીઝ સારા કન્ટેન્ટ અને કલાકારો સાથે આવીને છવાઈ જતી હતી, ત્યારે નવાઝુદ્દીન પણ ''અપુન હી ચ ભગવાન હૈ''થી છવાઈ ગયો હતો, તેનાં 'ઝ સેક્રેડ ગેમ્સ'ના આ ડાયલોગના અસંખ્ય મિમ્સ પણ બનતા રહે છે. આ જ વૅબ સિરીઝ મુદ્દે તાજેતરમાં નેટફિલક્સના સીઈઓએ આપેલાં વિવાદાસ્પદ નિવેદન પછી આ શોના ડિરેક્ટર અનુરાગ કશ્યપે પણ તેમની ટીકા કરી હતી. હવે નવાઝુદ્દીન સિદ્દકીએ પણ ઓટીટીના વલણ સામે નિઃરાશા વ્યક્ત કરી છે.થોડાં દિવસ પહેલાં અનુરાગ કશ્યપે નેટફિલક્સના સીઈઓ ટેડ સેરેન્ડોઝને ડમ્બ ગણાવ્યો, કારણ કે તેણે એક ઈન્ટરવ્યુમાં એવું નિવેદન આપ્યું કે 'મારે સેક્રેડ ગેમ્સના બદલે કોઈ વધુ પ્રચલિત વિષયનો શો શરૂ કરવાની જરૂર હતી.' અનુરાગ કષ્યપ અને વિક્રમાદિત્ય મોટવાણેના આ શોમાં નવાઝુદ્દીન સિદ્દીકી અને સૈફ અલી ખાન સિવાય પણ ઘણા જાણીતા ચહેરા હતા. ત્યારે હવે નવાઝે પણ છેલ્લાં કેટલાંક વખતથી ભારતમાં ઓટીટી જે દિશામાં આગળ વધી રહ્યું છે, તે અંગે નિઃરાશા વ્યક્ત કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તે સેક્રેડ ગેમ્સ પછી હવે છેક એક સિરીઝનું કામ કરી રહ્યો છે. વચ્ચે તેણે વિવિધ ઓટીટી પ્લેટફર્મ માટે અડધો ડઝન ફિલમ કરી છે. નવાઝે કહ્યું, ''કોઈ પણ પ્લેટફર્મ હોય કે પછી પ્રક્રિયા હોય, શરૂઆતમાં તો જોરદાર જ હોય છે પરંતુ ધીરે ધીરે તે ધંધો બની જાય છે. '' નવાઝુદ્દીને આગળ કહ્યું, ''જો તમે કળામાં કમર્શીયલ બાબતોને આટલું બધું મહત્વ આપશો તો તેનાથી ઘણું નુકસાન થશે. એવું જ થયું છે, સમયાંતરે શરુઆત તો પેશનથી થાય છે પણ પછી એનો ધંધો બની જાય છે.'' નવાઝ અને અનુરાગ કશ્યપ બંને માને છે કે હવે ઓટીટી અને ફિલ્મ વચ્ચે ભારતમાં કોઈ ભેદ રહ્યો નથી. નવાઝે કહ્યું, ''જે ચોર હોય એ સર્જનાત્મકતા ક્યાંથી લાવશે. આપણે સાઉથમાંથી ચોર્યું, ક્યારેક અહીંથી ચોર્યું, ક્યારેક ત્યાંથી. કેટલીક કલ્ટ ફિલ્મ જે હિટ થઈ ગઈ હોય તો પણ એના સીન પણ ચોરેલા હોય છે.

# બોલિવૂડની નવી જોડી રાશા થડાની અને અભય વર્મા

## અભય વર્મા અને રાશા થડાનીની સોશિયલ મીડિયા પોસ્ટથી અટકળોને વેગ, ફિલ્મ હશે કે વેબ સિરીઝ?


રાશઆ થડાની અને 'મૂંજ્યા'થી લોકપ્રિય થયેલા અભય વર્માએ સોશિયલ મીડિયા પર એક રીલ શેર કરી છે, જેના કારણે તેઓ કોઈ ફિલ્મ માટે સાથે કામ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. જોકે, તેમના આ કોલબરેશ અંગે હજુ કોઈ પ્રકારની જાહેરાત થઈ નથી. ઈન્સ્ટાગ્રામ પર શેર થયેલા આ વીડિયોમાં તેઓ બંને ખુશ ખુશ દેખાય છે.રાશાએ પહેલી ફિલ્મથી જ ઘણી લોકપ્રિયતા મેળવી લીધી છે. અભય વર્મા પણ મૂંજ્યાથી ઘણો લોકપ્રિય થયો છે. ત્યારે આ વીડિયોથી લોકો ઈન્ડસ્ટ્રીમાં નવી જોડી જોવા મળશે, તેની રાહ જોઈ રહ્યા છે. સાથે લોકોને પ્રશ્ન પણ છે કે તેઓ બંને ફિલ્મમાં સાથે આવશે કે, કોઈ જાહેરાત છે કે પછી કોઈ વૅબ સિરીઝમાં આવવાના છે, છતાં લોકો આ ળેશ જોડીની રાહ જુએ છે.બંનેએ એક વીડિયો તો શેર કર્યો પણ શેના માટે તેઓ સાથે કામ કરે છે, તેવું ક્યાંય જાહેર કર્યુ નહીં, જોકે, અંદરના સુત્રો જણાવે છે કે તેઓ બંને ટૂંક સમયમાં જ તેમના પ્રોજેક્ટની જાહેરાત કરે તેની પણ શક્યતા છે. ત્યાં સુધીમાં બંનેના ફૅન્સ ચોકઠાં બેસાડવાની કોશિશ કરી રહ્યાં છે. આ ઉપરાંત પણ રાશા ઈન્ડસ્ટ્રીની પ્રોમિસિંગ એક્ટ્રેસ તરીકે વારંવાર ખબરોમાં આવતી રહે છે. તાજેતરમાં જ તે એક એવોર્ડ ઈવેન્ટમાં પણ હાજર રહી હતી. જ્યાં તેના લૂક વિશે ઘણી ચર્ચા થઈ હતી.





# સતત પછડાટ છતા અક્ષય કુમાર મક્કમ, સાઉથ બ્લોકબસ્ટરની રિમેકમાં કામ કરશે

અક્ષય કુમાર એ બોલિવૂડ અભિનેતા છે જેમણે સાઉથની રિમેક દ્વારા બોક્સ ઓફિસ પર બમ્પર કમાણી કરી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી, રિમેકમાં તેમનું નસીબ બહુ સારું નથી રહ્યું. બચ્ચન પાંડે, સરફિરા, ખેલ ખેલ મેં અને સેલ્ફી એવી ફિલ્મો છે જે રિમેક છે પરંતુ તે બોક્સ ઓફિસ પર ખરાબ પ્રદર્શન કરી છે. હવે અક્ષય કુમાર વિશે સમાચાર આવી રહ્યા છે કે તેમની આગામી ફિલ્મ દક્ષિણની બ્લોકબસ્ટર ફિલ્મની રિમેક હોઈ શકે છે. પરંતુ આ ફિલ્મમાં અભિનેતાએ કરેલો અભિનય અદ્ભુત અને અજોડ છે. અક્ષય કુમાર આવી રીતે અભિનય કરી શકશે કે નહીં તે તો સમય જ કહેશેઅક્ષય કુમાર ફરી એકવાર દક્ષિણની સુપર હિટ ફિલ્મના રિમેકમાં જોવા મળશે. તાજેતરમાં જ સમાચાર આવ્યા છે કે અક્ષય મલયાલમ બ્લોકબસ્ટર ફિલ્મ ઓપ્પમ (૨૦૧૬) ની હિન્દી રિમેકમાં સૈફ અલી ખાન સાથે કામ કરશે. આ પ્રોજેક્ટનું દિગ્દર્શન પ્રિયદર્શન કરશે, જેમણે મૂળ ફિલ્મનું પણ દિગ્દર્શન કર્યું હતું. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે અક્ષયની તાજેતરની રિમેક ફિલ્મો જેમ કે સરફિરા, ખેલ ખેલ મેં અને સેલ્ફી બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ છે. ઓપ્પમ એક થ્રિલર ડ્રામા ફિલ્મ છે જેમાં મોહનલાલ જયરામન તરીકે અભિનય કરે છે, જે એક દૃષ્ટિહીન માણસ જે પોતાની અસાધારણ ઈન્દ્રિયો (ગંધ, શ્રવણ અને સ્પર્શ) નો ઉપયોગ કરીને એક રહસ્ય ઉકેલે છે. ફિલ્મમાં, જયરામન એક નિવૃત્ત જજની પુત્રીને એક ગુનેગારથી બચાવવાનો પ્રયાસ કરે છે જેને જજે સજા ફટકારી હતી. આ હિન્દી રિમેકમાં સૈફ અલી ખાન મુખ્ય ભૂમિકામાં અને અક્ષય કુમાર ખલનાયક તરીકે જોવા મળશે, જે તેની કારકિર્દીમાં એક નવો અને રોમાંચક વળાંક છે. અહેવાલો અનુસાર, સૈફ આ ભૂમિકા માટે કલારીપયટ્ટુ (પરંપરાગત માર્શલ આર્ટ) શીખી રહ્યો છે જેથી તે જયરામનની તીવ્રતાને પડદા પર બહાર લાવી શકે.આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ ૨૦૨૫માં શરૂ થશે અને તે ૨૦૨૬ ના બીજા ભાગમાં રિલીઝ થવાની યોજના છે. જોકે, અક્ષયની તાજેતરની રિમેક ફિલ્મોની નિષ્ફળતાએ ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે. સરફિરા (સૂરરાય પોટ્ટુ), સેલ્ફી (ડ્રાઈવિંગ લાઈસન્સ) અને બચ્ચન પાંડે (જીગરથંડા) જેવી ફિલ્મો દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગઈ.



આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટમાં શરૂ થયુ




# શ્રદ્ધા કપૂર લક્ષ્મણ ઉટેકરની ફિલ્મનું શૂટિંગ નવેમ્બર મહિનામાં શરૂ કરશે

લક્ષ્મણ ઉટેકર છાવા ફિલ્મ પછી ફરી એક વખત મહારાષ્ટ્રીયન સંસ્કૃતિ પડદા પર ઉતારવાની તૈયારી કરી રહ્યો છે. જેમાં શ્રદ્ધા કપૂર મુખ્ય રોલમાં જોવા મળશે.શ્રદ્ધા કપૂર માટે આ એક પડકારજનક રોલ સાબિત થશે તેમ કહેવાઈ રહ્યું છે. તે એક એવું પાત્ર ભજવવાની છે, જેણે મહાષ્ટ્રીયન સંસ્કૃતિને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કહેવાય છે કે, આ ફિલ્મ મોટા પાયા પર બનાવવામાં આવી રહી છે. જેની વાર્તા એક પુસ્તક પરથી લેવામાં આવી છે. જોકે હાલ આ પુસ્તકનું નામ જાહેર કરવામાં આવ્યુ નથી. આ ફિલ્મનું કામચલાઉ શીર્ષક આઈટીએ હોવાનું કહેવાઈ રહ્યું છે. આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર મહિનામાં શરૂ કરવામાં આવશે અને ફિલ્મને ૨૦૨૬ના અંત સુધી રિલીઝ કરવામાં આવશે.એક રિપોર્ટના અનુસાર, આ ફિલ્મ મહારાષ્ટ્રના ઈતિહાસના એક બેહદ મહત્વપૂર્ણ પાત્ર પર આધારિત છે. શ્રદ્ધા કપૂર આ પાત્ર માટે સખત મહેનત કરી રહી છે. તે આ ફિલ્મમાં એક નૃત્યાંગનાના રોલમાં જોવા મળશે.અભિનેત્રી પોતાના પાત્રને ન્યાય આપવા માટે હાલ ડાન્સની વર્કશોપ્સની સાથેસાથે ગાયકીની પણ તાલીમ લઈ રહી છે.લક્ષ્મણ ઉટેકર ફિલ્મ છાવા પછી ફરી આ પ્રોજેક્ટ દ્વારા ફરી એક વખત મરાઠા સસ્કૃતિને મોટા પડદા પર પેશ કરવાની તૈયારી કરી રહ્યો છે.



### મારી મરજી હું ગમે તેવી દેખાઉં'

# બોડી શેમિંગ કરનારા પર ભડકી

## ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરાયો હતો

બિગ બોસ ઓટીટી-૩ વિનર સના મકબૂલના ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં સના મકબૂલે બોડી શેમિંગ વિશે વાત કરી છે. સના મકબૂલે એ ટ્રોલ્સને જવાબ આપ્યો છે જેઓ અભિનેત્રીને તેના વધેલા વજનને લઈને સવાલ કરી રહ્યા હતા. એક્ટ્રેસે વીડિયોમાં શેર કર્યું કે, 'કદાચ લોકોને ખબર નથી કે હું કેવા સમયમાંથી પસાર થઈ રહી છું.'સનાએ વીડિયોમાં કહ્યું કે, 'નમસ્તે મિત્રો, તમારામાંથી ઘણાં મને કહે છે કે, 'મારું વજન વધી ગયું છે. ગાલ ફૂલી ગયા છે. સાચું કહું તો પહેલા આનાથી ફરક પડતો હતો પણ હવે નથી પડતો. આ મારું શરીર છે. હું કેવી દેખાઉં છું તે મારી પસંદગી છે. મને લાગે છે કે, હું ખૂબ જ સુંદર દેખાઉં છું.' મારી મરજી હું ગમે તેવી દેખાઉં' બિગ બોસ ઓટીટી-૩ વિનર સના મકબૂલના ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો સનાએ તેની સ્થિતિ અંગે સંકેત આપતા કહ્યું કે, 'કોઈનું બોડી શેમિંગ કરતા પહેલા તેમના વિશે જાણો. કદાચ તે કોઈક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હશે અથવા કોઈ આરોગ્ય સંબંધિત કારણ હોઈ શકે છે. ગમે તે થાય. તમને ખબર નથી તો આવીને સવાલો નહીં કરો.'




# ફિલ્મ સ્ટાર્સના વધારાની ખર્ચ અંગે આમિર ખાને ઉઠાવ્યા સવાલ

## આમિર ખાને આ પ્રથાને શરમજનક ગણાવતા કહ્યું કે, આજના સ્ટાર્સ પોતાના સ્પોટ બોય, ટ્રેનર અને રસોયાનો ખર્ચ પણ વસૂલ કરે છે

બોલિવૂડમાં ત્રણ ખાન અભિનેતાઓ પોતાનું પ્રભુત્વ જમાવી ચૂક્યા છે. આમિર ખાન તે પૈકીના એક છે. આમિર ખાનની ફિલ્મોએ અનેક રેકોર્ડ બનાવ્યા છે. તેની આ યાત્રા આજે પણ ચાલું જ છે. જોકે, આમિર ખાન અભિનેતાની સાથોસાથ પ્રોડ્યુસર પણ છે. તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલતા એક વલણને લઈને વાંધો ઉઠાવ્યો છે.તાજેતરમાં મિ. પર્ફેક્ટનિસ્ટ તરીકે જાણીતા અભિનેતા આમિર ખાને કોમલ નાહટા સાથે 'ગેમ ચેન્જર્સ' યુટ્યુબ ચેનલમાં ઈન્ટરવ્યૂ આપ્યું હતું. જેમાં વાતચીત દરમિયાન આમિર ખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી કેટલીક અનિયમિતતાઓ સામે પોતાનો મત રજૂ કર્યો હતો. આમિર ખાને કલાકારો દ્વારા પ્રોડ્યુસર પાસેથી પોતાના અંગત ખર્ચાઓની માંગણીને 'શરમજનક' ગણાવી હતી.આમિર ખાને જણાવ્યું હતું કે, ''ફિલ્મ સ્ટાર્સને ઓળખ મળવી જોઈએ, પરંતુ એટલી હદ સુધી નહીં કે તે નિર્માતાઓને હેરાન કરવા લાગે. એક વ્યવસ્થા હતી કે પ્રોડ્યુસર સેટ પર સ્ટાર્સના ડ્રાઈવર અને તેના આસિસ્ટન્ટનો ખર્ચ ઉઠાવતો હતો. મને આ પ્રથા બહુ વિચિત્ર લાગી. મેં વિચાર્યુ કે ડ્રાઈવર અને આસિસ્પપરૅપટન્ટ મારા માટે કામ કરે છે, તો પ્રોડ્યુસર કેમ તેનો ખર્ચ ઉઠાવી રહ્યો છે? જો પ્રોડ્યુસર મારા અંગત સ્ટાફનો ખર્ચ ઉઠાવી રહ્યો છે, તો શું એનો અર્થ એ છે કે તે મારા બાળકોની સ્કૂલ ફી પણ ભરવાનું શરૂ કરી દેશે? આ બધુ ક્યારે અટકશે?''આમિર ખાને આગળ જણાવ્યું કે, ''પ્રોડ્યુસરે માત્ર એ જ ખર્ચ ઉઠાવવો જોઈએ, જેનો ફિલ્મ સાથે સીધો સંબંધ હોય. જેમાં મેકઅપ, હેર સ્ટાઈલ, કોસ્ટ્યુમનો સમાવેશ થાય છે. પરંતુ મારા પર્સનલ ડ્રાઈવર અથવા આસિસ્ટન્ટનો ખર્ચ આપવો, ફિલ્મમાં તેમનો શું ફાળો છે? તે મારા માટે કામ કરે છે. તેની ચૂકવણી કરવી મારી જવાબદારી છે. ખાસ કરીને ત્યારે જ્યારે હું સારી એવી કમાણી કરી રહ્યો છું.''આમિર ખાને આ પ્રથાને શરમજનક ગણાવતા કહ્યું કે, આજના સ્ટાર્સ પોતાના સ્પોટ બોય, ટ્રેનર અને રસોયાનો ખર્ચ પણ વસૂલ કરે છે. હવે તો તેઓ સેટ પર લાઈવ કિચન અને જીમ પણ રાખે છે. જેનો ખર્ચ પ્રોડ્યુસર ઉઠાવે તેવી આશા રાખે છે. આ સ્ટાર્સ કરોડોની કમાણી કરે છે, તેમ છતાં પોતાની જરૂરિયાતો પૂરી કરી શકતા નથી. આ શર્મની વાત છે. મને બહુ વિચિત્ર લાગે છે. આ ઈન્ડસ્ટ્રી માટે દુઃખદ અને નુકસાનકારક છે.ઉલ્લેખનીય છે કે, કોમલ નાહટા સાથેની વાતચીતમાં આમિર ખાને એ સ્પષ્ટતા પણ કરી છે કે તેઓ સ્ટાર્સની સુખ-સુવિધાઓની ઈચ્છાના વિરોધમાં નથી. પરંતુ પ્રોડ્યુસર માથે પોતાનો અંગત ખર્ચો નાખવાથી ઈન્ડસ્ટ્રીને નુકસાન થાય છે.



### તેમાં ફુલવિક એસિડ, ખનિજો, એન્ટીઓક્સિડન્ટ્સ-પોષક તત્ત્વો હોય

# શું સ્ત્રીઓ પણ શિલાજીત ખાઈ શકે છે?

**શિલાજીત માત્ર પુરુષોને શક્તિશાળી બનાવવા માટે નથી, સ્ત્રીઓ માટે પણ એક એવા આયુર્વેદિક રહસ્ય છે**




શિલાજીત ફક્ત પુરુષોની શક્તિ વધારવાની વસ્તુ નથી. તે સ્ત્રીઓ માટે પણ એટલી જ ફાયદાકારક છે. શિલાજીત ખાવાથી સ્ત્રીઓના શરીરની નબળાઈ દૂર થાય છે અને શક્તિ વધે છે. શિલાજીત પર્વતોમાંથી મળી આવતી એક શક્તિશાળી દવા છે. હજારો વર્ષોથી શિલાજીતનો ઉપયોગ પુરુષોની શક્તિ, સહનશક્તિ અને પુરુષ શક્તિ વધારવા માટે કરવામાં આવે છે. આયુર્વેદમાં, શિલાજીતને સ્વાસ્થ્ય માટે વરદાન માનવામાં આવે છે અને રોગોની સારવારમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે. એવું માનવામાં આવે છે કે શિલાજીત ખાવાથી પુરુષોની પુરુષ શક્તિ વધે છે અને આ કારણોસર તેને ઘણીવાર પુરુષો સાથે જોડવામાં આવે છે. હવે સવાલ એ છે કે શું સ્ત્રીઓ પણ શિલાજીત ખાઈ શકે છે? આવો નિષ્ણાતો પાસેથી જાણીએ કે આયુર્વેદ આ વિશે શું કહે છે. શિલાજીતમાં પુષ્કળ પ્રમાણમાં ફુલવિક એસિડ, ખનિજો, એન્ટીઓક્સિડન્ટ્સ અને પોષક તત્ત્વો હોય છે. તે શરીરના કોષોમાં નવી શક્તિ આપે છે અને શરીરની રોગો સામે લડવાની ક્ષમતામાં વધારો કરે છે. આયુર્વેદમાં, શિલાજીતને ફક્ત પુરુષો માટે જ નહીં, પણ સ્ત્રીઓ માટે પણ ટોનિક માનવામાં આવે છે. ઘણી રીતે તે પુરુષો કરતાં સ્ત્રીઓ માટે વધુ ફાયદાકારક ગણી શકાય. શિલાજીત ખાવાથી મહિલાઓના શરીરમાં શક્તિ ભરાઈ જશે અને ઘણી સમસ્યાઓ દૂર થશે. શિલાજીત મહિલાઓમાં એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન જેવા હોર્મોન્સને સંતુલિત કરવામાં મદદ કરે છે, જે માસિક અનિયમિતતા, PCOD અને મેનોપોઝ સંબંધિત સમસ્યાઓ ઘટાડી શકે છે. શિલાજીત થાક, નબળાઈ અને ઓછી ઉર્જાની સમસ્યાને દૂર કરે છે. તે કામ કરતી મહિલાઓ અને ગૃહિણીઓ બંને માટે ખૂબ જ ફાયદાકારક છે. શિલાજીતમાં હાજર એન્ટીઓક્સિડન્ટ્સ ત્વચાની કરચલીઓ ઘટાડે છે અને વૃદ્ધત્વની અસરોને ધીમી કરે છે. શિલાજીતમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ અને અન્ય ખનિજોની હાજરી હાડકાંને મજબૂત બનાવે છે, જે મેનોપોઝ પછી વધુ મહત્વપૂર્ણ બની જાય છે. નિષ્ણાતોના મતે, શિલાજીતને આયુર્વેદમાં એક રસાયણ માનવામાં આવે છે અને તેને જીવનશક્તિ વધારતી દવા કહેવામાં આવે છે. તે ફક્ત પુરુષો માટે જ નહીં પરંતુ સ્ત્રીઓ માટે પણ ઘણી રીતે ફાયદાકારક માનવામાં આવે છે. સ્ત્રીઓએ થોડી માત્રામાં શિલાજીતથી શરૂઆત કરવી જોઈએ. તે હૂંફાળા દૂધ અથવા પાણી સાથે લઈ શકાય છે. દિવસમાં એકવાર સવારે ખાલી પેટે અથવા ભોજન પછી તેને લેવું સારું છે. જોકે, સ્ત્રીઓએ શિલાજીત ખાતા પહેલા ડૉક્ટર અથવા આયુર્વેદિક ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓએ શિલાજીતનું સેવન ન કરવું જોઈએ. જો કોઈને હોર્મોન સંબંધિત ગંભીર સમસ્યા હોય અથવા કોઈ ક્રોનિક રોગ હોય, તો ડૉક્ટરની સલાહ લીધા વિના શિલાજીતનું સેવન ન કરો. આધુનિક આયુર્વેદિક અભ્યાસ દર્શાવે છે કે શિલાજીત સ્ત્રીઓમાં હોર્મોનનું સંતુલન બાંધવામાં મદદરૂપ બની શકે છે, ખાસ કરીને Polycystic Ovary Syndrome (PCOS) જેવી પરિસ્થિતિમાં. તેનો નિયમિત ઉપયોગ ઈન્સ્યુલિન પ્રતિસાદ સુધારી શકે છે અને ઓવ્યુલેશનને પ્રોત્સાહન આપી શકે છે. શિલાજીત એ એક પ્રાકૃતિક એડેપ્ટોજન છે. તે તનાવ (સ્ટ્રેસ) અને ચિંતાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. સ્ત્રીઓમાં માનસિક તણાવનું પ્રમાણ ઊંચું રહે છે - તેથી શિલાજીત રોજિંદા ઉર્જા અને મનોબળ જાળવી રાખવામાં અસરકારક સાબિત થાય છે. શિલાજીત ફર્ટિલિટી વધારવા માટે પણ ઉપયોગી માનવામાં આવે છે. કેટલાક આયુર્વેદિક અભ્યાસો મુજબ, તે અંડાણુ ગુણવત્તા અને યોનિ આરોગ્યમાં સુધારો લાવી શકે છે. જે સ્ત્રીઓ માતૃત્વ માટે તૈયારી કરી રહી હોય તેમને શિલાજીત ડૉક્ટરની સલાહથી શરૂ કરવું લાભદાયી રહે શકે છે. શિલાજીતમાં આયર્ન, મેગ્નેશિયમ અને પોટેશિયમ જેવા મિનરલ્સ હોય છે, જે લોહીની કમી દૂર કરવામાં મદદ કરે છે. થાક, ચક્કર અને ઉર્જાની ઉણપ અનુભવનાર મહિલાઓ માટે શિલાજીત પાવરટોનિક બની શકે છે. શિલાજીત ત્રિદોષ શમક હોય છે (વાત, પિત્ત અને કફ સંતુલિત કરે છે). તે પાચન સુધારે છે, અગરુતુ ઉર્જા આપે છે અને આયુર્વેદ અનુસાર 'ઓજસ' વધારવામાં મદદ કરે છે.

**શરીરમાં જો આ વિટામિનની કમી હશે તો આખી બોડી ખોખલું થઈ જશે, આ ફૂડ ખાવાનું શરૂ કરી દો....**

# વિટામિનની કમીથી નસોના ફંક્શન નબળા

**નસો કામ કરવાનું બંધ કરી દેશેઃ વિટામિન B12ની કમીથી નસોના ફંક્શન નબળા થઈ જશે, આ મસ્તિષ્ક અને તંત્રિકા તંત્રના ફંક્શનને બનાવી રાખવામાં મદદ કરે છે**



જો આપણે કહીએ કે આપણા શરીરને કણે કણમાં વિટામિન B12ની જરૂર છે, તો તેમાં કોઈ શંકા ન હોવી જોઈએ. વિટામિન B12 ખૂબ જ મહત્ત્વનું વિટામિન છે, જે આપણા શરીર માટે કેટલાય મહત્ત્વના કામ કરે છે. વિટામિન B12નું નામ કોબાલમિન છે. તે હેલ્ધી રક્ત કોશિકાઓ અને નર્વ કોશિકાઓ બનાવે છે. એટલે કે તે લોહીની પણ બનાવે છે અને નસ પણ બનાવે છે.

આ તમામ કોશિકાઓમાં જોવા મળતા DNA બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. આ મેટાબોલિઝમ માટે જરૂરી છે. વિટામિન B12ની કમી થઈ જાય તો લોહી મેચ્યોર નહીં થાય. તો વળી નસો યોગ્ય રીતે કામ નહીં કરે તો મગજમાં ભ્રમની સ્થિતિ રહેશે. આવી જ રીતે વિટામિન B12ની કમી થઈ તો શરીરમાં તમામ પ્રકારના કામ ઠપ થઈ જશે.

નસો કામ કરવાનું બંધ કરી દેશેઃ વિટામિન B12ની કમીથી નસોના ફંક્શન નબળા થઈ જશે. આ મસ્તિષ્ક અને તંત્રિકા તંત્રના ફંક્શનને બનાવી રાખવામાં મદદ કરે છે. તેનાથી નસોને નુકસાન થતાં બચાવે છે. તેનાથી ન્યૂરોલોજિકલ કાર્ય બની રહે છે.

વિટામિન B12 DNAના ઉત્પાદનમાં ભાગ લે છે. જે આનુવંશિક જાણકારીને વહન કરે છે અને કોશિકાઓ વૃદ્ધિ અને વિભાજન માટે જરૂરી હોય છે.

મેટાબોલિઝમ બૂસ્ટ- વિટામિન B મેટાબોલિઝમ બૂસ્ટ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. એટલા માટે તેની કમીથી મેટાબોલિઝમ નબળું થઈ જાય છે. આ વસા અમ્લો અને એમિનો એસિડનું વિઘટન કરે છે. તેનાથી ભોજનને ઊર્જામાં બદલવામાં મદદ મળે છે.

એનિમિયા રોકશે- વિટામિન B12ની કમીથી મેગાલોબ્લાસ્ટિક એનિમિયા થઈ શકે છે. કેમ કે તે લોહીને બનાવે છે, એટલા માટે તે લાલ રક્ત કોશિકાઓમાં કમી કરી શકે છે. આવી સ્થિતિ જેમાં લાલ રક્ત કોશિકાઓ અસામાન્ય રીતે મોટી થાય છે અને યોગ્ય કાર્ય કરી શક્તી નથી. તેને મેગાલોબ્લાસ્ટિક એનિમિયા કહે છે.

વિટામિન B12ની કમી થઈ જાય તો શું ખાવું જોઈએ? ભારતમાં અડધાથી વધારે લોકોને વિટામિન B12ની કમી છે. નોન-વેજ આઈટમમાં વિટામિન B12 વધારે હોય છે. પણ જો તમે વેજિટેરિયન છો તો પણ આપની પાસે વિકલ્પની કમી નથી. તમે સ્પ્રાઉટમાં મગ, ચણા, મેથી, કાળા ચણા, રાજમા અને ઘઉંને સ્પ્રાઉટ કરીને ખાઈ શકો છો. આ ઉપરાંત દાડમ, બીટથી આપને વધારે વિટામિન B12 મળી શકે છે. પાલકમાં પણ ખૂબ વિટામિન B12 હોય છે. ડેરી પ્રોડક્ટ્સમાં પણ વિટામિન B12નો ઉત્તમ સોર્સ હોય છે. જો આપ નોન-વેજિટેરિયન છો તો માંસ, મછલીથી વિટામિન B12 મળશે. ઈંડા પણ વિટામિન B12નો શાનદાર સોર્સ છે.

# રાત્રે સુતા પહેલા આ વસ્તુનું પાણી પીવો, શરીરને થશે ગજબનો ફાયદો



**ક્યારેય નહીં થાય પેટની કોઈ પણ સમસ્યા! વરિયાળી અને જીરુંના પાણી પીવાથી પેટની સમસ્યાઓમાં રાહત મળે છે, આ પાણી પાચનતંત્રને સુધારે છે અને એસિડિટી, ગેસ અને બળતરા જેવી સમસ્યાઓ દૂર કરે છે**

કોઈપણ માણસને સ્વસ્થ રહેવા માટે સારી અને પૂરતી ઊંઘ લેવી ખૂબ જરૂરી છે. આ માટે લોકો ઘણી બધી વસ્તુઓ કરે છે. પરંતુ, જો પેટમાં કોઈ સમસ્યા હોય તો તે ઊંઘ બગડવાની સાથે પેટ ભારે લાગવું, ખાટા ઓડકાર, ગેસ અને કબજિયાત જેવી સમસ્યાઓનું થઈ શકે છે. પેટ સંબંધિત આ સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે લોકો ઘણી મોંઘી દવાઓ લે છે. તેનાથી તમે તાત્કાલિક રાહત તો મળી જશે, પરંતુ તેની કેટલીક આડઅસર પણ થઈ શકે છે. ત્યારે તમે ઘરમાં રાખેલી કેટલીક વસ્તુઓનું સેવન કરીને પણ આ સમસ્યાઓમાંથી છૂટકારો મેળવી શકો છો. આ વસ્તુઓ છે વરિયાળી અને જીરું. તેમના સ્વાસ્થ્ય લાભ મેળવવા માટે તમારે સૂતા પહેલા વરિયાળી અને જીરાનું પાણી પીવું જોઈએ. આમ કરવાથી ખોરાક સરળતાથી પચી જશે અને પેટ સંબંધિત સમસ્યાઓ પણ ઓછી થશે. હવે પ્રશ્ન એ છે કે જીરું અને વરિયાળીનું પાણી પીવાથી શું થશે? વરિયાળી-જીરાંનું પાણી સ્વાસ્થ્ય માટે કેવી રીતે ફાયદાકારક છે? એક્સપર્ટના મતે, જો તમને પેટ ભારે લાગે છે અથવા સૂતી વખતે ઓડકાર આવે છે તો તેનો અર્થ એ છે કે તમારું પાચનતંત્ર યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી. એટલે કે પાચન પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. જો તમને આવી સમસ્યા હોય, તો તમારે સૂવાના ૩-૪ કલાક પહેલા જ જમી લેવું જોઈએ. એટલું જ નહીં પાચનતંત્રને સ્વસ્થ રાખવા માટે રાત્રે હળવો ખોરાક ખાવો. જો આટલું કર્યા પછી પણ કોઈ સમસ્યા હોય, તો તમારે રાત્રે સૂતા પહેલા જીરું અને વરિયાળીનું પાણી પીવું જોઈએ. સૂતા પહેલા જીરાનું પાણી શા માટે પીવું જોઈએ? એક્સપર્ટના જણાવ્યા અનુસાર, જીરું ખોરાકને ઝડપથી પચાવવામાં ફાયદાકારક છે. તેની તાસિર ગરમ હોય છે, જેનાથી મળત્યાગ સરળ બને છે. જો તમારો ખોરાક મોડો પચે છે, તો સૂતા પહેલા જીરાનું પાણી ચોક્કસ પીવો. આનાથી ખોરાક ઝડપથી પચવામાં મદદ મળશે અને સવારે મળત્યાગ પણ સરળતાથી થશે. જીરાનું પાણી પીવાથી ભૂખ વધે છે. જે લોકોને ભૂખ નથી લાગતી તેઓને આ પાણી પીધા પછી કુદરતી રીતે ભૂખ લાગવા લાગે છે. તે પેટમાં હાજર એસિડને સક્રિય કરે છે, જે ખોરાકના યોગ્ય પાચનમાં મદદ કરે છે. સૂતા પહેલા જીરું અને વરિયાળીનું પાણી પીવાના લાભ, એસિડિટી અને ગેસમાંથી રાહતઃ જીરું અને વરિયાળી બંને ખોરાકને પચાવવામાં મદદ કરે છે. તેનું સેવન કરવાથી પેટનું ફૂલવું અને એસિડિટી જેવી સમસ્યાઓ દૂર થાય છે. જો પેટમાં ગેસ હોય, તો તેનું સેવન કરવાથી ગેસમાંથી પણ રાહત મળે છે. વરિયાળી અને જીરાનું પાણી પાચન પ્રક્રિયાને ઝડપી બનાવે છે, જેનાથી એસિડિટીની સમસ્યામાં રાહત મળે છે. પેટમાં નહીં થાય બળતરાઃ પેટમાં એસિડ વધવાને કારણે બળતરા થાય છે. પરંતુ જો તમે વરિયાળી અને જીરાનું પાણી પીઓ છો, તો તે પેટમાં બળતરા ઘટાડે છે.

# શું તમને પણ નવા કપડાં ધોયા વગર પહેરવાની આદત છે?

મોટાભાગના લોકો નવા કપડાં વોશ કર્યા વગર ડાયરેક્ટ પહેરી લેતા હોય છે. આમ, તમને પણ આવી આદત છે તો તમારે સુધારવાની જરૂર છે. આ તમારા શરીરમાં અનેક ઘણી તકલીફો ઉભી કરી શકે છે. નવા કપડાં દરેક લોકોને લેવા ગમતા હોય છે. પરંતુ અનેક લોકો નવા કપડાં ધોયા વગર જ પહેરી લેતા હોય છે. આ કારણે ત્વચા સંબંધિત સમસ્યાઓ વધારે થાય છે. તમને પણ આવી આદત છે તો તમારે સુધારવાની જરૂર છે. તો જાણો નવા કપડાં ધોયા વગર પહેરવાથી હેલ્થને શું નુકસાન થાય છે? આમ, તમને જણાવી દઈએ કે નવા કપડાં તમે જ્યારે ખરીદો છો ત્યારે આ કપડાંમાં પહેલાં અનેક લોકોએ ટ્રાય કરેલાં હોય છે. આ કારણે સ્કિન ઈન્ફેક્શન થવાના ચાન્સિસ વધી જાય છે. આ સાથે ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. આમ, તમે પણ આટલું જાણ્યાં પછી નવા કપડાં ક્યારેય ધોયા વગર પહેરશો નહીં. ભલે નવા કપડાં દેખાવમાં મસ્ત લાગતા હોય, પરંતુ એની અંદર કીટાણુ હોઈ શકે છે. આ સમયે તમે ધોયા વગર નવા કપડાં પહેરી લો છો તો તમારા શરીર પર હુમલો કરી શકે છે. આ કારણે તબિયત ખરાબ થઈ શકે છે. આમ, સ્વાસ્થ્ય મજબૂત રાખવા માટે ક્યારેય નવા કપડાં ધોયા વગર પહેરશો નહીં. કપડાં ધોયા વગર તમે પહેરો છો તો અનહાઈજેનિક સાબિત થાય છે. સ્વાસ્થ્ય અને ત્વચાની દેખરેખ માટે હાઈજીનનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. આ કારણે એક્સપર્ટ કપડાં ધોયા પછી પહેરવાની સલાહ આપે છે. આમ, વાત કરવામાં આવે તો અનેક લોકોને સ્કિનની તકલીફ પણ હોય છે. આ સમયે તમે નવા કપડાં ધોયા વગર પહેરી લો છો તો તમને પણ સ્કિનની એલર્જી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન થવાની જરૂર છે. આ માટે ક્યારેય પણ નવા કપડાં ધોયા વગર પહેરશો નહીં. જો કે તમને પહેલાંથી જ સ્કિનને લઈને કોઈ સમસ્યા છે તો ક્યારેય નવા કપડાં ધોયા વગર પહેરવા જોઈએ નહીં.

# વાળ ડેમેજ થઇ ગયા છે? દહીંમાં આ વસ્તુ મિક્સ કરીને લગાવો

**શું તમારા વાળ ઘણા ડેમેજ થઇ ગયા છે અને ખરાબ થઇ ગયા છે, તો આ બે વસ્તુને મિક્સ કરીને તમારા માથામાં લગાવો**



તડકો, ધૂળ અને પ્રદૂષણના કારણે વાળ ખરાબ થાય છે. આ સાથે જ, બજારમાં મળતા પ્રોડક્ટ્સનો ઉપયોગ અને વાળની યોગ્ય કાળજી ન લેવાના કારણે પણ વાળની ચમક ખોવાઈ જાય છે. આ સમસ્યા ન થાય અને વાળ સિલ્કી રહે તે માટે તમે નેચરલ વસ્તુઓથી બનેલા હેર માસ્ક ટ્રાય કરી શકો છો. આ હેર માસ્ક બનાવવા માટે તમારે કોઈ ખર્ચો કરવાની પણ જરૂર નથી. તમે ઘરે જ આસાનીથી બે વસ્તુથી આ માસ્ક બનાવી શકો છો. ચાલો જાણીએ આ હેર માસ્ક કેવી રીતે ઉપયોગ કરવો અને કઈ રીતે બનાવવો. વાળને સિલ્કી બનાવવા માટે આ નેચરલ હેર માસ્ક ટ્રાય કરો, વાળને સિલ્કી બનાવવા માટે તમે કેળા અને દહીંથી બનેલા હેર માસ્કનો ઉપયોગ કરી શકો છો. આ બંને વસ્તુઓમાં ઘણા ગુણો છે અને કેળા અને દહીંના હેર માસ્કનો ઉપયોગ કરવાથી ડેમેજ વાળ રિપેર થઈ શકે છે. કેળું વાળ માટે ફાયદાકારક છે. કેળું વાળને રિપેર કરવા સાથે, તેને મજબૂત બનાવવાનું કામ કરે છે. સાથે જ કેળાથી બનેલા હેર માસ્કનો ઉપયોગ કરવાથી વાળના ડ્રાય હોવાની સમસ્યા પણ ઓછી થાય છે અને વાળમાં ચમક પણ આવે છે. દહીંમાં ઘણા ગુણો હોય છે અને આ ગુણો વાળ માટે ખૂબ ફાયદાકારક છે. દહીંમાં પ્રોટીન, વિટામિન અને ફેટી એસિડ હોય છે. સાથે જ દહીંનો ઉપયોગ કરવાથી સ્કાલ્પ સાફ થાય છે અને ખંજવાળની સમસ્યા પણ ઓછી થાય છે. દહીંથી બનેલા હેર માસ્કનો ઉપયોગ કરવાથી વાળ સિલ્કી અને શાઈની થઈ શકે છે. હેર માસ્ક બનાવવા માટે જરૂરી સામગ્રીઃ ૧ કેળું, ૨ મોટા ચમચો તાજું દહીં, ૧ ચમચો મધ, હેર માસ્ક બનાવવાનો અને ઉપયોગ કરવાનો રીતઃ એક વાટકીમાં કેળાને મેશ કરો અને પછી તેમાં દહીં મિક્સ કરો. આ બંનેને સારી રીતે મિક્સ કર્યા પછી તેમાં મધ ઉમેરો. આ પેસ્ટને વાળમાં સારી રીતે લગાવો. અડધા કલાક પછી વાળને સારી રીતે ધોઈ લો.

# ગરમીમાં માથા પર ખંજવાળ અને ખોડો થઇ ગયો છે?

**તમને માથામાં ઘણી ખંજવાળ આવે છે અને ખોડો થી ગયો છે, દહીં આ એક વસ્તુ નાખીને માથામાં લગાવો**



ઉનાળાની ઋતુમાં પરસેવાના કારણે ત્વચા અને વાળની સમસ્યાઓ સામાન્ય છે. જો આ સમસ્યાઓને અવગણવામાં આવે, તો તે વધુ ગંભીર બની શકે છે. તેથી, સમયસર આ સમસ્યાઓનું નિરાકરણ કરવું જરૂરી છે. ઉનાળામાં વધારે પડતા તડકાના કારણે ત્વચા પર ટેનિંગ અને વાળમાં ખંજવાળ, ડેન્ડ્રફ અને સ્કેલ્પ પર પિમ્પલ્સ થઈ શકે છે. તેથી, ઉનાળામાં વાળને ગંદા રાખવા ન જોઈએ અને શક્ય હોય તો વાળને ઢાંકી રાખવા જોઈએ, જેથી સીધો તડકો વાળ પર ન પડે અને વાળ પ્રદૂષણથી બચી રહે. વાળમાં ખંજવાળ અને ડેન્ડ્રફ દૂર કરવા માટે ઘરેલુ ઉપાય આવશ્યક સામગ્રીઃ ૧ વાટકી ખાટું દહીં ૨ ચમચી મેથી દાણા (ભીંજવેલા) ૧ ચમચી ગ્રીન ટી એલોવેરા જેલ, સૌથી પહેલા એક કટોરીમાં દહીં લઈ તેને સારી રીતે ફેંટી લો. હવે પલાળેલા મેથી દાણા મિક્સર જારમાં નાખી પીસી લો અને તેની પેસ્ટ બનાવો. આ પછી એક પેનમાં ગ્રીન ટી નાખી થોડો સમય ઉકાળો. તમને માથામાં ઘણી ખંજવાળ આવે છે અને ખોડો થી ગયો છે. દહીં આ એક વસ્તુ નાખીને માથામાં લગાવો. જેને ટ્રાઈ કરીને આ સમસ્યામાંથી રાહત મેળવી શકો છો. હવે આ પાણી ગાળી લો અને ઠંડુ થવા દો. દહીંમાં મેથી દાણાની પેસ્ટ મિક્સ કરો. છેલ્લે, એલોવેરા જેલ ઉમેરો અને બધું મિક્સ કરી હેર માસ્ક બનાવો. કેવી રીતે વાળમાં લગાવવુંઃ આ હેર માસ્ક લગાવવાના પહેલા વાળને સારી રીતે ધોઈ લો. જ્યારે વાળ સુકાઈ જાય, ત્યારે વાળ ધોવાના લગભગ ૨ કલાક પહેલા આ હેર માસ્ક લગાવો. વાળ સુકાઈ જાય પછી શેમ્પૂની મદદથી ધોઈ લો. આ હેર માસ્ક તમે અઠવાડિયામાં બે વાર લગાવી શકો છો. થોડા જ દિવસોમાં તમારા વાળમાંથી ખંજવાળ અને ડેન્ડ્રફની સમસ્યા દૂર થઈ જશે.

## વડાપ્રધાન મોદીએ ધોલેરા SIRનું હવાઈ નિરીક્ષણ કર્યું

। (એજન્સી) ધોલેરા, તા.૨૧ ।

ભાવનગરમાં રોડ શો અને રેલીને સંબોધિત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ જિલ્લાના લોથલ જવા રવાના થયા હતા, આ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ધોલેરામાં ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક કેન્દ્ર, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (DSIR)નું શનિવારે હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. આ અંગે વડાપ્રધાન કાર્યાલય (PMO) દ્વારા વડાપ્રધાન મોદીના હવાઈ સર્વેક્ષણના વિડિયો ફૂટેજ પણ જાહેર કરવામાં આવ્યા છે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અમદાવાદથી લગભગ ૧૦૦ કિલોમીટર દક્ષિણમાં અને રાજ્યની રાજધાની ગાંધીનગરથી ૧૩૪ કિલોમીટર દૂર સ્થિત છે. ઔદ્યોગિકીકરણ, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક રોકાણના આધારે વિકસાવવામાં આવી રહેલા ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક શહેર તરીકે જોવામાં આવે છે. DSIR એ નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન (NICDC) દ્વારા પશ્ચિમી સમર્પિત માલવાહક કોરિડોરના પ્રભાવ ક્ષેત્રમાં ઔદ્યોગિક ક્લસ્ટર્સ અને કેન્દ્રોનો રેખીય વિસ્તાર બનાવવાના મહત્વાકાંક્ષી પગલાનો એક ભાગ છે. લોથલમાં નિર્માણ પામી રહેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટ પ્રગતિની સમીક્ષા તેમજ અત્યાર સુધી તૈયાર થયેલા પ્રોજેક્ટનું નિરીક્ષણ કરી. વડાપ્રધાને સમગ્ર પ્રોજેક્ટની સમીક્ષા બેઠકમાં અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને લોથલ ખાતે ચાલી રહેલા વિવિધ કામોની પ્રગતિ અંગેની વિસ્તૃત માહિતી પણ મેળવી હતી. ગુજરાતની પ્રાચીન ધરોહરનું મહત્ત્વનું સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. આ પ્રોજેક્ટને લોથલમાં બનાવવાનું મુખ્ય કારણ તેનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો છે. લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિનું એક મુખ્ય વેપાર કેન્દ્ર હતું, લોથલ માત્ર એક પ્રાચીન શહેર નહોતું, પરંતુ તે વિશ્વના સૌથી જૂના માનવસર્જિત ડોકયાર્ડ (બંદર) માટે પણ જાણીતું છે. પાંચ હજાર વર્ષ પહેલાં અહીં દરિયાઈ વેપાર થતો હતો અને જહાજોનું સમારકામ પણ થતું હતું. આ સ્થળ ભારતની દરિયાઈ શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક છે. આ કૉમ્પ્લેક્સનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસને સાચવવાનો, તેનું સંશોધન કરવાનો અને તેને ભાવિ પેઢીઓ માટે જીવંત રાખવાનો છે. આ મ્યુઝિયમ સામાન્ય લોકોને ભારતનો ઈતિહાસ સરળતાથી સમજાવશે, જેના માટે અત્યંત આધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પહેલ મેરિટાઈમ હેરિટેજ ટુરિઝમને પ્રોત્સાહન આપશે અને ભારતને આ ક્ષેત્રમાં વૈશ્વિક કેન્દ્ર બનાવશે.

### હરનૌતથી ગોપકિતા ગામમાં દીકરીનું શગુન લઈને જઈ રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યોનું મોત થઈ ગયું

# વંદે ભારત એક્સપ્રેસની ચપેટમાં આવી જતાં ત્રણ લોકોના મોત

। (એજન્સી) પટના, તા.૨૧ ।

બિહારની રાજધાની પટનાથી અડીને આવેલા પંડારખ વિસ્તારના મમરખા બાદ સ્ટેશન પર એક મોટી દુર્ઘટના ઘટી ગઈ. હરનૌતથી ગોપકિતા ગામમાં દીકરી માટે શગુન લઈને જઈ રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યો વંદે ભારત એક્સપ્રેસની ચપેટમાં આવી ગયા, જેનાથી તેમના મોત થઈ ગયા છે. ગંભીર અવસ્થામાં એક વ્યક્તિને પીએમસીએચ પટના રેફર કર્યો છે. મૃતકોમાં જીતો માંઝી, પ્રીતલાલ માંઝી અને ગોવિંદ માંઝી સામેલ છે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, આ લોકો હરનૌત વિસ્તારના ટારા પર ગામના રહેવાસી હતા. આજે આ લોકો શગુન લઈને ગોપીતા જઈ રહ્યા હતા. જ્યારે મેકરા મમરખા ગામ નજીક પહોંચ્યા, જ્યાં આ દુર્ઘટના ઘટી હતી. ત્રણેય મૃતદેહ પંડારક પીએસસીમાં રાખ્યા છે. રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી આ મામલે તપાસ કરી રહી છે. સ્થાનિક લોકો અનુસાર, રેલવે ટ્રેક પાર કરતી વખતે બંને સાઈડમાંથી ટ્રેન આવી ગઈ. આ દરમ્યાન દુર્ઘટના થઈ ગઈ. કહેવાય છે કે મોકામાથી પટના જઈ રહેલી વિક્રમશિલા અપ ટ્રેનની યાત્રા દરમ્યાન ડાઉન ટ્રેક પર વંદે ભારત ટ્રેન પસાર થઈ રહી હતી. રેલવે પુલની નીચે પાણી ભરાયું હોવાના કારણે તમામ લોકો ગાડી છોડી રેલવે ટ્રેક પાર કરી રહ્યા હતા, ત્યારે આ ઘટના ઘટી. જાણકારી અનુસાર, હરનૌતથી ગોપકિતા ગામમાં દીકરીનું શગુન લઈને જઈ રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યોનું વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ચપેટમાં આવી જવાથી મોત થઈ ગયા છે. તો વળી એકને ગંભીર અવસ્થામાં પીએમસીએચ પટના રેફર કર્યો છે. ત્રણેય મૃતક જીતો માંઝી, પ્રીતલાલ માંઝી અને ગોવિંદ માંઝી હરનૌત વિસ્તારના ટારા ગામના રહેવાસી હતા. ત્રણેયના મૃતદેહ હોસ્પિટલમાં રાખ્યા છે. રેલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ત્રણેય મૃતક જીતો માંઝી, પ્રીતલાલ માંઝી અને ગોવિંદ માંઝી હરનૌત વિસ્તારના ટારા ગામના રહેવાસી હતા. ત્રણેયના મૃતદેહ હોસ્પિટલમાં રાખ્યા છે. રેલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

### જેમાં ૧૯ વર્ષિય રામનિવાસ ઉર્ફ દીપક ઉર્ફ દીપૂને ગોળી વાગતા ઘાયલ : આરોપી પર ૨૫ હજારનું ઇનામ હતું

# દિશા પટણીના ઘરે ફાયરિંગ કરનારી ગેંગના પાંચમા આરોપીનું એન્કાઉંટર

। (એજન્સી) બરેલી, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશ પોલીસે બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટણીના ઘર પર ફાયરિંગના કાવતરામાં સામેલ પાંચમા રેકી કરનારા આરોપીને શાહી વિસ્તારમાં અથડામણ દરમ્યાન પકડી લીધો છે. શુક્રવાર રાતે બિહારી પુર નદી પુલ નજીક પોલીસ અને અપરાધીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં ૧૯ વર્ષિય રામનિવાસ ઉર્ફ દીપક ઉર્ફ દીપૂને ગોળી વાગતા ઘાયલ થઈ ગયો છે. આરોપી પર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું. પોલીસે તેના કબ્જામાંથી એક પિસ્તોલ ૩૨ બોર, ચાર જીવતા તથા ચાર ખોખા કારતૂસ જપ્ત કર્યા છે. તો વળી ઘટનાસ્થળેથી અન્ય આરોપી અનિલ પુત્ર સતીશ રાજ પુરનો રહેવાસી પણ પકડાયો છે. જેની પાસેથી તમંચો, ૩૧૫ બોર, બે જીવતા અને ચાર ખોખા કારતૂસ મળ્યા છે. બંને આરોપી નંબર પ્લેટ વિનાની સ્પ્લેંડર બાઈક પર જતાં હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ અપરાધી દિશા પટનીના ઘર પર ફાયરિંગની ઘટનામાં રેકી કરી ચુક્યા હતા અને સતત એક્ટિવ હતા. શાહી પોલીસે અને સ્વાટ ટીમે સંયુક્ત કાર્યવાહી કરી તેમની ઘેરાબંદી કરી હતી. એક્રાઉન્ટર બાદ ઘાયલ આરોપીઓની સારવાર માટે હોસ્પિટલમાં મોકલ્યા છે. પોલીસનું કહેવું છે કે આ ટોળકીના અન્ય સભ્યોને પણ શોધવામાં આવી રહ્યા છે, તો વળી આરોપીઓની વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં તેઓ કહી રહ્યા છે કે હવે ક્યારેય યૂપીમાં નહીં આવે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અપરાધી દિશા પટનીના ઘર પર ફાયરિંગની ઘટનામાં રેકી કરી ચુક્યા હતા અને સતત એક્ટિવ હતા. શાહી પોલીસે અને સ્વાટ ટીમે સંયુક્ત કાર્યવાહી કરી તેમની ઘેરાબંદી કરી હતી. એક્રાઉન્ટર બાદ ઘાયલ આરોપીઓની સારવાર માટે હોસ્પિટલમાં મોકલ્યા છે. પોલીસનું કહેવું છે કે આ ટોળકીના અન્ય સભ્યોને પણ શોધવામાં આવી રહ્યા છે, તો વળી આરોપીઓની વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં તેઓ કહી રહ્યા છે કે હવે ક્યારેય યૂપીમાં નહીં આવે.




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા એ જ સેવા – ૨૦૨૫' અભિયાન હેઠળ પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક પ્રેરણાદાયક પહેલ કરતાં ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સામુદાયિક ભવન, સાબરમતી સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.

## ફક્ત છ શબ્દો અને પોતાના ઇરાદા સ્પષ્ટ કરી દીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધો સારા રહ્યા છે. પણ હાલના સમયમાં પાકિસ્તાન સાથે સાઉદીની ડીલ ચર્ચાનો વિષય બન્યો છે, ત્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પણ સાઉદી અરેબિયા-પાકિસ્તાન સંરક્ષણ કરાર અંગેના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું કે અમને આશા છે કે આ વ્યૂહાત્મક ભાગીદારી પરસ્પર હિતો અને સંવેદનશીલતાઓને ધ્યાનમાં લેશે. આ નિવેદન આ અઠવાડિયાની શરૂઆતમાં સાઉદી અરેબિયા અને પાકિસ્તાને વ્યૂહાત્મક પરસ્પર રક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા પછી આવ્યું છે. આનાથી એવી અટકળો શરૂ થઈ છે કે શું સાઉદી અરેબિયા પાકિસ્તાનના પરમાણુ સુરક્ષા કવચમાં પ્રવેશ મેળવી શકે છે, ખાસ કરીને મધ્ય પૂર્વમાં વધતા તણાવના સમયે. બુધવારે હસ્તાક્ષર કરાયેલા કરારમાં સાઉદી અરેબિયાની આર્થિક શક્તિ અને પાકિસ્તાનની લશ્કરી શક્તિનો સમાવેશ થાય છે. અત્યાર સુધી બહુ ઓછી માહિતી આપવામાં આવી છે, પરંતુ સાઉદી અધિકારીઓએ જણાવ્યું છે કે આ કરાર બધા લશ્કરી માધ્યમોને આવરી લેશે. નિષ્ણાતો કહે છે કે આ કરાર સુરક્ષા માટે અમેરિકામાં ગલ્ફ દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિશ્વાસના અભાવને પ્રતિબિંબિત કરે છે.

### H1B વિઝા મુદ્દે રાહુલ ગાંધીનું નિવેદન

# હું ફરી કહું છું, ભારતના વડાપ્રધાન નબળા છે

### અમેરિકા વિઝા નિયમને કડક બનાવી રહ્યું છે, તો તે મુદ્દે રાહુલ ગાંધી અને કૌંગ્રેસે પીએમના મૌન પર સવાલ ઉઠાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

અમેરિકાના H-1B વિઝા પર વાર્ષિક ૧ લાખ ડોલરની નવી ફી લગાવવાનો નિર્ણય લીધો છે. આ નિયમ ૨૧ સપ્ટેમ્બરથી લાગૂ થઈ જશે. પરંતુ તેનાથી અમેરિકાનો ખજાનો ભરાશે. પરંતુ તેનાથી અમેરિકા જનારા અને ત્યાં રહેલા ભારતીયો માટે આર્થિક મુશ્કેલી ઉભી થશે. આ એક મોટી સમસ્યા છે, જેના કારણે ભારતમાં રાજકીય હલચલ વધી ગઈ છે. વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર સીધો હુમલો કર્યો છે. તેમણે પોતાની ૨૦૧૭ની એક પોસ્ટનો ઉલ્લેખ કરતા મોદીને નબળા પ્રધાનમંત્રી ગણાવ્યા છે. રાહુલે કહ્યુ કે તેમણે પહેલા જ ચેતવણી આપી હતી કે અમેરિકા ભારતના પ્રોફેશનલ્સને નુકસાન પહોંચાડનાર પગલાં ભરી શકે છે, પરંતુ પીએમ મોદીએ કોઈ મજબૂત કાર્યવાહી ન કરી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, "હું પુનરાવર્તન કરું છું, ભારતના પ્રધાનમંત્રી નબળા છે." તેમણે ૫ જુલાઈ, ૨૦૧૭ ના રોજની તેમની પોસ્ટ શેર કરી, જેમાં તેમણે પીએમને ચેતવણી આપી હતી કે અમેરિકા H-1B વિઝા અંગે મોટો નિર્ણય લઈ શકે છે. કૌંગ્રેસ પ્રવક્તા પવન ખેડાએ પણ પીએમ મોદીને ઘેર્યા અને કહ્યુ- રાહુલ ગાંધીએ ૨૦૧૭મા ચેતવણી આપી હતી. પરંતુ તે સમયે પણ પ્રધાનમંત્રી ચુપ હતા અને આજે પણ ચુપ છે. ટ્રમ્પ આપણે દરરોજ નીચા દેખાડી રહ્યા છે.

### દિલ્હીની બેઠકમાં મોટો નિર્ણય

# ભારત સાથેના સંબંધોમાં નવી શરૂઆત કરવા તૈયાર કેનેડા

### 'ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને તેમના કેનેડિયન સમકક્ષ નથાલી ડ્રોઈન વચ્ચે બેઠક યોજાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લગભગ ૧૧ મહિના પહેલા કેનેડાની નેશનલ સિક્યોરિટી એડવાઈઝર (NSA) નથાલી ડ્રોઈન અને ડેપ્યુટી વિદેશ મંત્રી ડેવિડ મોરિસને આક્ષેપ કર્યો હતો કે, કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદીઓને ટાર્ગેટ કરવા પાછળ ભારતનો હાથ છે.

હવે આ બંને અધિકારીઓએ ભારત આવી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ તથા વિદેશ સચિવ વિક્રમ મિસ્રી સાથે મુલાકાત કરી છે. આ મુલાકાત વખતે બેઠકમાં બંને દેશોના સંબંધો અંગે મહત્ત્વની ચર્ચાઓ પણ થઈ છે અને આ સાથે વિદેશ મંત્રાલયે મહત્ત્વનું નિવેદન પણ જાહેર કર્યું છે.

ભારતીય વિદેશ મંત્રાલયે ભારત-કેનેડાના સંબંધો અંગે આજે (૨૦ સપ્ટેમ્બર) મહત્ત્વનું નિવેદન જાહેર કર્યું છે. મંત્રાલયે કહ્યું છે કે, બંને દેશો સંબંધોની નવી શરૂઆત કરવા માટે સંમત થયા છે, જેમાં ખાસ કરીને આતંકવાદ વિરોધી અને સુરક્ષા સહકાર પર ધ્યાન કેન્દ્રિત કરાશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બંને દેશોના સંબંધો અંગે માહિતી આપતા કહ્યું કે, 'ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને તેમના કેનેડિયન સમકક્ષ નથાલી ડ્રોઈન વચ્ચે ગુરુવારે નવી દિલ્હીમાં બેઠક યોજાઈ હતી, જેમાં વ્યાપક ચર્ચા કર્યા બાદ બંને દેશોના સંબંધોને આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.'

## વિશેષ

### પશુપાલન ક્ષેત્રે નારીશક્તિઃ ગુજરાતના ડેરી ઉદ્યોગના વિકાસમાં લાખો મહિલા પશુપાલકો આપી રહી છે અભૂતપૂર્વ યોગદાન

# રાજ્ય સરકારના અવિરત પ્રયાસોથી ડેરી અને પશુપાલન ક્ષેત્રે મહિલાઓ બની આત્મનિર્ભર, માસિક ₹૧,૭૫,૦૦૦ ની કમાણી કરે છે કચ્છના સોનલબેન ગોયલ

। (માહિતી) વડોદરા ।

ગાંધીનગર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ઃ નવરાત્રિનો તહેવાર મા શક્તિના નવ સ્વરૂપોની ઉજવણી કરે છે, જે મહિલાઓની શક્તિનું પ્રતીક છે. મહિલાઓ આજે દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરી રહી છે, અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ મહિલાઓના નેતૃત્વમાં વિકાસ પર ભાર મૂક્યો છે. ગુજરાતમાં પણ વિવિધ ક્ષેત્રમાં મહિલાઓ પ્રગતિ કરી રહી છે અને ખાસ કરીને રાજ્યના પશુપાલન ક્ષેત્રનો વિકાસ તો મહિલાઓને જ આભારી છે. આજે ગુજરાતની લાખો મહિલા પશુપાલકો ડેરી સહકારી મંડળીઓનું નેતૃત્વ કરીને, સારી આવક કમાઈને તેમના સમુદાયોમાં પરિવર્તન લાવી રહી છે. આનો શ્રેય તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જાય છે, જેમના નોંધપાત્ર પ્રયાસોના કારણે ડેરી ઉદ્યોગમાં મહિલાઓની ભાગીદારી વધી છે. તેમના પ્રયાસોને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મક્કમ ગતિએ આગળ વધારી રહ્યા છે, જેના પરિણામે આજે ગુજરાતમાં લાખો મહિલાઓ પશુપાલન ક્ષેત્રે સક્રિય યોગદાન આપી રહી છે. ચ્છના સોનલબેન ગોયલ પશુપાલન થકી માસિક ₹૧,૭૫,૦૦૦ની કમાણી કરે છે "એક સમયે મારી પાસે ૩ દુધાળા પશુ હતા અને મને માસિક ₹૧૨,૦૦૦ની આવક થતી હતી. આજે રાજ્ય સરકારની મદદથી હું માસિક ₹૧,૭૫,૦૦૦ની કમાણી કરું છું. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબે ખેડૂતો અને પશુપાલકોની આવક બમણી કરવાનું સ્વપ્ન સેવ્યું છે તે અમારા માટે વાસ્તવિકતા બની ગયું છે." આ શબ્દો છે કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના પત્રી ગામમાં રહેતા સોનલબેન ગોયલના, જેઓ રાજ્ય સરકારની સ્વરોજગારીના હેતુ- પશુપાલન વ્યવસાય માટે ૫૦ દુધાળા પશુઓના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના થકી આર્થિક રીતે સ્વતંત્ર અને સશક્ત બન્યા છે. માત્ર સોનલબેન જ નહીં, પરંતુ રાજ્યની હજારો મહિલાઓ આજે દૂધ સહકારી મંડળીઓનું નેતૃત્વ કરી રહી છે અને લાખોની કમાણી કરી રહી છે.





**ગુજરાતમાં ડેરી અને પશુપાલનમાં મહિલાઓની ભૂમિકા નોંધપાત્ર**

ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં મહિલાઓ માટે ડેરી ઉદ્યોગ એ આર્થિક સ્વતંત્રતા અને સશક્તિકરણનું મહત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે. આ મહિલાઓ તેમના પરિવારોની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા ઉપરાંત, પરિવારનું આરોગ્ય અને શિક્ષણ પણ સુનિશ્ચિત કરી રહી છે. મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓ અને મહિલાઓ માટેની સરકારની વિવિધ યોજનાઓ દ્વારા તેઓની આર્થિક અને સામાજિક સ્થિતિ મજબૂત બની છે. નોંધનીય બાબત એ છે કે, આજે પશુપાલન અને દૂધ ઉત્પાદનની વિવિધ કામગીરીમાં મહિલાઓનું યોગદાન લગભગ ૭૦ ટકા છે. રાજ્યમાં ૨૧,૦૦૦ થી વધુ મંડળીમાંથી ૪૯૮૬ જેટલી મંડળીઓ મહિલા સંચાલિત, ગુજરાતના પશુપાલન ક્ષેત્રમાં મહિલાઓ દ્વારા સંચાલિત ડેરી કો-ઓપરેટિવ્સ અને સ્વસહાય જૂથોની સંખ્યા પણ નોંધનીય છે. રાજ્યમાં કુલ ૨૧,૦૦૦ થી વધુ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે જેમાંથી ૪૯૮૬ જેટલી મહિલા સંચાલિત મંડળીઓ છે. રાજ્યના કુલ ૩૨ લાખથી વધુ સભાસદો પૈકી ૧૦ લાખથી વધુ સભાસદો મહિલા છે. બનાસ ડેરી જેવી મોટી ડેરીઓમાં, જ્યાં એક દિવસમાં મહતમ ૧ કરોડ લિટર જેટલું દૂધ સંપાદન થાય છે, ત્યાં પણ મહિલા પશુપાલકોનું નોંધપાત્ર યોગદાન છે. બનાસ ડેરીમાં ઘણી મોટી સંખ્યામાં મહિલા સભાસદો વર્ષે ૫૦ લાખથી વધુ રકમનું દૂધ જમા કરાવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની છે.

**રાજ્ય સરકારની મદદથી આજે કચ્છના સોનલબેન કરે છે માસિક ₹૧,૭૫,૦૦૦ની કમાણી**

ગુજરાત સરકારની ૫૦ દુધાળા પશુઓના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના કેટલીય મહિલાઓની આત્મનિર્ભરતા માટે ચાવીરૂપ સાબિત થઈ છે. કચ્છના સોનલબેન નારણભાઈ ગોયલે લોકડાઉનના સમયનો સદુપયોગ કરીને આઈ-ખેડૂત પોર્ટલ પર આ યોજના હેઠળ ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ તેમણે બૅંકમાંથી ધિરાણ મેળવીને ૫૦ દુધાળા પશુની ખરીદી કરીને શેડ બનાવ્યો અને સાથે દોહવાનું મશીન, ઘાસ કાપવાનું ચાફ કટર મશીન, ફોગર સિસ્ટમની ખરીદી પણ કરી હતી. સોનલબેન ગોયલ જણાવે છે કે, "મને આ યોજના હેઠળ કુલ ₹૭,૯૯,૧૧૧ની સહાય મળી હતી. આ યોજનાની સહાય મળી એ પહેલાં મારી માસિક આવક ₹૧૨,૦૦૦ હતી અને હવે અમે ૧૭૦ લિટર દૂધ સંપાદન કરીએ છીએ. આ ઉપરાંત, દૂધમાંથી ચોખ્ખું ઘી અને છાશ બનાવીને તેમજ ગૌ મૂત્રનું પણ વેચાણ કરીને આજે હું માસિક ₹૧,૭૫,૦૦૦ની કમાણી કરું છું. અમારા જેવા મહિલા પશુપાલકોને સતત સમર્થન આપવા બદલ હું રાજ્ય સરકારનો ખૂબ-ખૂબ આભાર માનું છું."

सत्यमेव जयते
ગુજરાત સરકાર



# આવો, મનાવીએ
# GST બચત ઉત્સવ

## Next Generation GST REFORMS

## દેશ માટે વધુ બચતનો અવસર, સ્વદેશીને મળશે પ્રોત્સાહન

### આજથી નેક્સ્ટ જનરેશન ટેક્સ રિફોર્મની શરૂઆત
હવે ઘરગથ્થુ વસ્તુઓથી લઈને વાહન સુધી બધું થશે વધુ સસ્તું!

### શું બદલાશે?
- હવે, ૫% અને ૧૮% એમ માત્ર ૨ ટેક્સ સ્લેબ
- દૈનિક વપરાશની વસ્તુઓ જેવી કે, ખાદ્ય સામગ્રી, દવાઓ, સાબુ, બ્રશ, આરોગ્ય-વીમા સસ્તી થશે
- ૧૨% સ્લેબમાં આવતી ૯૯% વસ્તુઓ પર હવે માત્ર ૫% GST
- ઘર, ટીવી, ફ્રિજ, સ્કૂટર-બાઈક, કાર, હોટેલ સેવાઓ વધુ સસ્તી

### કોને ફાયદો થશે ?
- ગરીબ, મધ્યમ વર્ગ અને Neo મિડલ ક્લાસ
- ખેડૂતો, મહિલાઓ, વેપારીઓ અને ઉદ્યમીઓ
- MSMEs, લઘુ, સૂક્ષ્મ અને કુટિર ઉદ્યોગો
- ભારતના દરેક પરિવારની બચત વધશે

### દેશને શું લાભ?
- વાર્ષિક ₹૨.૫ લાખ કરોડથી વધુની બચત થશે
- MSMEs ને ડબલ ફાયદો: વેચાણ વધશે, ટેક્સ ઘટશે
- રોકાણ વધશે અને વેપાર સરળ બનશે
- "વન નેશન, વન ટેક્સ" - ભારતની વિકાસ યાત્રાને વેગ મળશે

## || નાગરિક દેવો ભવ ||

## "હવે ગર્વથી કહો સ્વદેશી મારું સ્વાભિમાન છે"
-માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી